RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 52* Date: 11.12.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભૂપેન્દ્ર પટેલ નવી સરકારમાં ફરી મુખ્યમંત્રી બનશે

## લોકોની દરેક મુશ્કેલી દુર કરવાનો પ્રયાસ કરીશુ. તો સાથે જ યુનિફોર્મ સિવિલ કોડ લાવવા સરકાર મક્કમ : ભુપેન્દ્ર પટેલ



ગાંધીનગર,તા.૧૦

આજે કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં કમલમમાં ભાજપની બેઠક યોજાઈ હતી જેમાં ભાજપના તમામ ચૂંટાયેલા ૧૫૬ પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતાં પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે મળેલી બેઠકમાં વિધાનસભા દળના નવા નેતાની પસંદગી કરવામાં આવી હતી અને ધારાસભ્ય દળની બેઠકમાં ભૂપેન્દ્ર પટેલના નામ પર નવા મુખ્યમંત્રી તરીકે મહોર મારવામાં આવી હતી નવી સરકારમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બનશે. ધારાસભ્ય દળના નેતા તરીકે ભૂપેન્દ્ર પટેલની પસંદગી થઈ છે. સર્વ સંમતિથી ભૂપેન્દ્ર પટેલ ધારાસભ્ય દળના નેતા ચૂંટાયા છે.મંત્રીમંડળની રચના માટે ત્રણ નિરીક્ષકોની નિમણૂક કરાઈ હતી જેમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ, અર્જુનસિંહ મુંડાની તેમજ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાને નિરીક્ષકની જવાબદારી સોંપાઈ હતી આ નિરીક્ષકોની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી જેમાં ભાજપના ચુંટાયેલા તમામ ૧૫૬ ધારાસભ્યો હાજર રહ્યાં હતાં. કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં ભૂપેન્દ્ર પટેલની પસંદગી કરાઈ હતી.વિધાનસભા દળની બેઠકમાં મુખ્યમંત્રી પદ માટેનો પ્રસ્તાવ કનુ દેસાઈ મુકયો હતો જેને પૂર્ણેશ મોદી, શંકર ચૌધરી, રમણ પાટકર, મનીષા વકીલ ટેકો જાહેર કર્યો હતો ભાજપની વિધાનસભા દળની બેઠકમાં ભૂપેન્દ્ર પટેલના નામની પસંદગી કરવામાં આવ્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આજે ભારતીય જનતા પાર્ટીની ધારાસભ્ય દળોની બેઠક મળી, જેમાં પક્ષના નેતા તરીકે મારી પસંદગી થઈ. આ વખતે નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને ભાજપના ભરોસા પર જનતાએ મહોર લગાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકાર અને સંગઠન સાથે મળીને વિકાસના કામ કરશે. તો વધુમાં કહ્યું કે, લોકોની દરેક મુશ્કેલી દુર કરવાનો પ્રયાસ કરીશુ. તો સાથે જ યુનિફોર્મ સિવિલ કોડ લાવવા સરકાર મક્કમ હોવાનુ પણ જણાવ્યુ છે.ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે ,ગુજરાતની જનતાએ મહોર લગાવી છે. મોદીનો સંકલ્પમાં દેશનને વિકસિત દેશોની હરોળમાં લઈ જવાનો પ્રયત્ન, મારા ધારસભ્યો તથા સંગઠન સાથે મળીને ગુજરાતમાં બહુ સારી રીતે કામ કરશે. જનતાએ ૧૫૬ બેઠક પર જીત અપાવી છે ત્યારે સરકાર પાસે અપેક્ષા હોય જ, એટલે ભાજપની સરકારે અત્યાર સુધી કામ કર્યુ છે અને મુશ્કેલીમાંથી બહાર કાઢવા પ્રયત્ન કર્યો છે. ભાજપ સરકાર પર મૂકેલો ભરોસો, મોદી પર મૂકેલો ભરોસો તૂટવા નહી દઈએ. સંકલ્પ પત્ર જાહેર કર્યુ હોય એ પ્રાથમિકતામાં હોય. ૩૭૦ હોય કે રામમંદિર હોય. પહેલી કેબિનેટમાં સીએએની કમિટી રચી છે એની ભલામણના આધારે નિર્ણય કરાશે. હવે રાજભવન જઈને સરકાર રચવા દાવો કરીશું. હવે સોમવારે વડાપ્રધાન મોદી અને અમિત શાહની હાજરીમાં શપથ લેશે. ધારાસભ્ય દળના નેતા ચુંટાયા બાદ ભુપેન્દ્રભાઈ પટેલ,ભાજપના પ્રદેશ અધ્યક્ષ સહિત ભાજપના નેતાઓ બપોરે ૨ કલાકે રાજયપાલને મળીને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો ભાજપે ૧૫૬ બેઠક સાથે ઐતિહાસિક જીત મેળવી તો બીજી તરફ ૧૭ બેઠક સાથે અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શન કોંગ્રેસે કર્યું છે. નવા મંત્રીમંડળની યાદી લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સી.આર. પાટીલ દિલ્હી ગયા છે અને વડાપ્રધાન મોદી અને અમિત શાહ સાથે મુલાકાત કરી યાદી અંગે ચર્ચા વિચારણા કરશે ત્યારબાદ મંત્રીઓના નામ જાહેર કરવામાં આવશે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ હવે ૧૨ ડિસેમ્બરે સતત સાતમી વાર સરકાર બનાવવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ૨૦ અન્ય કેબિનેટ મંત્રીઓ શપથ ગ્રહણ કરશે. ભૂપેન્દ્ર પટેલ બીજી વાર મુખ્યમંત્રી પદના શપથ લેશે. આ સમારંભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના નેતૃત્વવાળા મુખ્યમંત્રીઓ સામેલ થવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા મુજબ સોમવારે ભૂપેન્દ્ર પટેલ સાથે લગભગ ૨૦ કેબિનેટ મંત્રીઓ પણ શપથ લેશે અને આગલા દિવસથી જ પોતાના કાર્યભાર સંભાળી લેશે.નરેન્દ્ર મોદીએ અગાઉ ૨૦૦૨માં કમૂરતામાં જ ચૂંટણી જીતીને સરકાર બનાવી હતી, જેમાં ૨૨ ડિસેમ્બરે તેમની સાથે આખા મંત્રીમંડળે શપથ લીધા હતા. તો ૨૦૦૭માં ૨૩ ડિસેમ્બરે નરેન્દ્ર મોદી સરકારના મંત્રીમંડળના શપથવિધિ યોજાઈ હતી. જયારે છેલ્લે ૨૦૧૨માં ૨૦ ડિસેમ્બરે નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને તેમના મંત્રીમંડળને શપથ અપાયા હતા. આમ, સતત ૩ વાર મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીની કમૂરતામાં જ શપથવિધિ યોજાઈ હતી.

# કોંગ્રેસ પ્રતિભા સિંહ અને સુખ્ખુ વચ્ચે હિમાચલ પ્રદેશમાં ઝોલા ખાઈ રહી છે

## સુખવિંદર સિંહ સુખુ ૧૮ ધારાસભ્યો સાથે સીએમ બનવાની તૈયારી કરી રહ્યા છે.



શિમલા,તા,૧૦

હિમાચલ પ્રદેશમાં પ્રચંડ બહુમતી સાથે કોંગ્રેસે ભાજપને પાછળ છોડી દીધું છે, પરંતુ હજુ નક્કી નથી થયું કે રાજયના મુખ્યમંત્રી કોણ બનશે? હવે આ માટે તમામની નજર હાઈકમાન્ડ પર ટકેલી છે. સીએમ પદને લઈને કોંગ્રેસમાં ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહના પત્ની પ્રતિભા સિંહે મુખ્યમંત્રી પદ માટે દાવો રજૂ કર્યો છે.

તે જ સમયે, હમીરપુર જિલ્લાની નાદૌન વિધાનસભાથી જીતેલા સુખવિંદર સિંહ સુખુ ૧૮ ધારાસભ્યો સાથે સીએમ બનવાની તૈયારી કરી રહ્યા છે. આવી સ્થિતિમાં સવાલ એ છે કે સુખવિંદર સિંહ સુખુ કેટલા શક્તિશાળી છે અને તેમનો દાવો કેટલો સફળ સાબિત થશે?

મુખ્યમંત્રી પદ માટે સુખુએ કરેલા દાવાને નજરઅંદાજ કરવો હાઈકમાન્ડ માટે આસાન નહીં હોય. સુખવિંદર સિંહ છેલ્લા ૪૦ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા છે. હાઈકમાન્ડ અને સંગઠનમાં તેમની ઊંડી પહોંચ છે. ત્રીજી વખત ધારાસભ્ય બન્યા છે. આ સાથે રાજયમાં જનતામાં પણ તેની ઊંડી પકડ છે.

હમીરપુર જિલ્લાના નાદૌનનો રહેવાસી સુખુ કાયદાની ડિગ્રી પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થી રાજકારણમાં જોડાયો. તેમણે કોંગ્રેસ સંગઠનમાં પોતાની કારકિર્દીની શરૂઆત એનએસયુઆઈથી કરી હતી. ૯ વર્ષ સુધી એનએસયુઆઇના પ્રદેશ પ્રમુખ હતા. દરમિયાન, શિમલામાં રહેતા, તેમણે નગર નિગમની ચૂંટણી લડી અને જીતી. આ પછી તેમને યુથ કોંગ્રેસના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. ભૂતકાળનો રેકોર્ડ જણાવે છે કે મુખ્યમંત્રી પદ માટે તેમનો દાવો કેટલો મહત્વનો છે.

હિમાચલની રાજનીતિમાં સુખુને હંમેશા કોંગ્રેસના દિગ્ગજ નેતા વિદ્યા સ્ટોક્સના સમર્થક અને વીરભદ્ર સિંહના વિરોધી જૂથના નેતા કહેવામાં આવે છે. ૧૦ વર્ષ સુધી યુથ કોંગ્રેસના પ્રમુખ રહ્યા બાદ, તેઓ હમીરપુર જિલ્લાના નાદૌનથી વિધાનસભા ચૂંટણી લડ્યા અને જીત્યા. દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા વીરભદ્ર સિંહના વિરોધ છતાં તેમને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. અત્યાર સુધી તેઓ સાડા ૬ વર્ષ વિક્રમી સમય માટે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ રહ્યા હતા.

ત્રણ વર્ષ પહેલાં જ્યારે તેમને આ પદ પરથી હટાવવામાં આવ્યા ત્યારે એવું લાગતું હતું કે વીરભદ્ર સિંહનો જૂથ તેમને મુખ્ય પ્રવાહમાં આવવા દેશે નહીં, પરંતુ ચૂંટણી પહેલા હાઈકમાન્ડે તેમને રાજ્ય ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવ્યા.

હિમાચલમાં જનતા અને સંગઠનની વધતી જતી પકડ અને ભૂતકાળના કામોને જોતા કોંગ્રેસે આ વખતે પણ સુખમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમને ઉમેદવાર પસંદગી સમિતિમાં મુખ્ય સભ્ય બનાવીને તેમનું કદ ટોચ પર રાખવામાં આવ્યું હતું. એટલું જ નહીં તેમનું નામ પણ મુખ્યમંત્રી પદની રેસમાં સામેલ થઈ ચૂક્યું છે. આવી સ્થિતિમાં તેમણે સખત મહેનત કરી અને સમગ્ર રાજયમાં પ્રચાર પણ કર્યો.

સુખુની ચૂંટણીની રણનીતિની અસર તાજેતરની ચૂંટણીઓમાં જોવા મળી હતી. તેમના ગૃહ જિલ્લા હમીરપુરમાં તેમણે પ્રથમ વખત પાંચમાંથી ચાર બેઠકો કોંગ્રેસના કોથળામાં નાખી. અપક્ષ ઉમેદવારે એક બેઠક જીતીને હમીરપુર જિલ્લાને ભાજપ મુક્ત બનાવ્યો છે. તેમની સાથે મોટી સંખ્યામાં કોંગ્રેસના ધારાસભ્યો હોવાનું માનવામાં આવે છે. આ જ કારણ છે કે આ પદ પર તેમની દાવેદારીમાં ઘણી યોગ્યતા છે. તેને લોઅર હિમાચલથી હોવાનો ફાયદો પણ મળી શકે છે.

કારણ કે આજ સુધી અપર હિમાચલ તરીકે ઓળખાતા કોંગ્રેસના શિમલા સંસદીય ક્ષેત્રમાંથી ક્યારેય કોઈ મુખ્યમંત્રી નથી બન્યા. આ વખતે સુખવિંદર સિંહ સુખુ આ તક ગુમાવવા માંગતા નથી.

# પંજાબમાં આતંક મચાવવાનું મોટું ષડયંત્ર..! તરનતારન પોલીસ સ્ટેશન પર રોકેટ લોન્ચર હુમલો

ચંડીગઢ,તા.૧૦

પંજાબના તરનતારન જિલ્લામાં આતંક મચાવવાનું મોટું ષડયંત્ર રચવામાં આવ્યું છે. તરનતારનમાં કેટલાક અજાણ્યા બદમાશોએ પોલીસ સ્ટેશનને ઉડાવી દેવાનો પ્રયાસ કર્યો છે. જિલ્લાના અમૃતસર-ભટિંડા હાઈવે પર સ્થિત સરહાલી પોલીસ સ્ટેશન પર શનિવારે વહેલી સવારે રોકેટ લોન્ચરથી હુમલો કરવામાં આવ્યો હતો. બદમાશોએ રાત્રે આ હુમલો કર્યો હતો.

જ્યારે પોલીસ સ્ટેશન પર રોકેટ હુમલો થયો ત્યારે ત્યાં કોઈ હાજર નહોતું. આ જ કારણ છે કે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. જોકે આ હુમલાથી પોલીસ સ્ટેશનની ઈમારતને નુકસાન થયું છે.

મળતી માહિતી મુજબ પોલીસ સ્ટેશનની બહારથી અંદરથી રોકેટ ફેંકવામાં આવ્યું હતું. રોકેટ હુમલાને કારણે બારીઓના કાચ તૂટી ગયા હતા, પરંતુ કોઈ જાનહાનિ થઈ ન હતી. તરનતારન પોલીસે હુમલાની પુષ્ટિ કરતા જણાવ્યું કે હુમલો મધ્યરાત્રિએ લગભગ ૧ વાગે થયો હતો. રોકેટ ગેટ સાથે અથડાયું, જેના કારણે બિલ્ડિંગને નજીવું નુકસાન થયું. આ હુમલો તરનતારનમાં સાંજ સેન્ટર બિલ્ડિંગ (સરહાલી પોલીસ સ્ટેશન) પર થયો હતો, જે જનતાને લગતી સુવિધાઓ માટે બનાવવામાં આવી હતી. મોડી રાત્રે સાંજના કેન્દ્રમાં કોઈ સ્ટાફ હાજર નહોતો. આ કારણોસર, આ હુમલાની વધુ કોઈ અસર થઈ નથી. જો આ હુમલો દિવસના સમયે થયો હોત તો જાનહાનિની ?પણ ભય હતો.

આ હુમલા પાછળ ખાલિસ્તાન તરફી આતંકવાદીઓનો સીધો હાથ હોવાનું કહેવાય છે.

એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના ઈશારે ખાલિસ્તાન તરફી આતંકવાદીઓએ પંજાબમાં સક્રિય તેમના સ્લીપર સેલ દ્વારા આ ઘટનાને અંજામ આપ્યો છે.

આ હુમલો આતંકી હરવિંદર સિંહ ઉર્ફે રિંદાના મૂળ ગામમાં કરવામાં આવ્યો છે. થોડા દિવસો પહેલા રિંદાના મોતની માહિતી સામે આવી હતી. જોકે, બાદમાં સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ સમાચારને નકારી કાઢવામાં આવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું કે રિંદા જીવિત છે.

એવું માનવામાં આવે છે કે, પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા જીૈં રિંદાને જીવતો રાખવા માંગે છે. આ કારણોસર, આ હુમલો રિંદાના મૂળ ગામમાં કરવામાં આવ્યો હતો, જેથી લોકો તેને હજી પણ જીવિત માને છે. રિંદા જીવિત છે કે નહીં, આ વાતની હજુ સુધી પુષ્ટિ થઈ નથી.

# ૪૦૦ ફૂટ ઊંડા બોરવેલમાં ફસાયેલા બાળકનું મોતઃ ૮૪ કલાક બાદ રેસ્ક્યૂ ટીમે મૃતદેહ બહાર કાઢ્યો

બેતુલ,તા.૧૦

અવારનવાર ગ્રામિણ વિસ્તારોમાં બોરવેલમાં બાળકો પડી જવાની ઘટનાઓ સામે આવતી હોય છે. જોકે, તેમ છતાં તંત્ર દ્વારા આ અંગે કોઈ યોગ્ય નિરાકરણ લાવવામાં આવતું નથી. જેને કારણે માસુમ બાળકોનો ભોગ લેવાય છે. આજે આવું જ કંઈક મધ્યપ્રદેશના બેતુલમાં જોવા મળ્યું. મધ્યપ્રદેશના બેતુલમાં એક ૬ વર્ષિય બાળક બોરવેલમાં ફસાયું હતું. જોકે, બોરવેલ એટલો ઊંડો હતો કે રેસ્કયુ ટીમ તેમાંથી બાળકનો બચાવ કરી શકી નહીં. આ ઘટનામાં ૮૪ કલાકની જહેમત બાદ પણ રેસ્કયુ ટીમને હાથ લાગ્યો બાળકનો મૃતદેહ. ગુંગળામણને કારણે બાળકનું મોત નિપજ્યું હોવાનું પણ પ્રાથિમક તપાસમાં સામે આવ્યું છે. રેસ્ક્યૂ ટીમ સવારે ૩ વાગ્યે બાળકની નજીક પહોંચી હતી. સવારે ૫ વાગ્યા સુધી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતદેહને ૭ વાગે બેતુલની જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. ૫ તબીબની ટીમે મૃતદેહનું પીએમ કર્યું હતું.સત્તાવાર માહિતી મુજબ જયારે બોરવેલમાં પડી ગયેલાં બાળક તન્મયના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો ત્યારે તે સડી ગયેલી હાલતમાં હતો. પીએમ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે તેને છાતીમાં ઈન્ફેક્શન અને પાંસળીમાં ઈજા થઈ હતી. તહસીલદાર ગામમાં પરિવાર સાથે પહોંચી ગયા છે. અંતિમ સંસ્કાર માટે નાણાકીય સહાય આપવામાં આવશે. કલેક્ટર અમનબીર સિંહ બેન્સે જણાવ્યું કે બોર ૪૦૦ ફૂટ ઊંડો છે. બાળક લગભગ ૩૯ ફૂટ ઊંડાઈમાં ફસાઈ ગયું હતું. બચાવ ટીમે બોરની સમાંતર ૪૪ ફૂટ ઊંડો ખાડો ખોદ્યો હતો. આ પછી ૯ ફૂટની આડી ટનલ ખોદવામાં આવી હતી. તન્મયના કાકાએ જણાવ્યુંકે, અમે વિચાર્યું હતું કે અમે સફળ થઈશું અને અમારું બાળક પાછું મળી જશે.

# માઉન્ટ આબુ ટાઢુબોળ : ૦ ડિગ્રીમાં પ્રવાસીઓ ઠુંઠવાયા, ઘાસના મેદાનો પર જામી બરફની ચાદર

આબુ,તા.૧૦

ડિસેમ્બરના પહેલા જ અઠવાડિયે માઉન્ટ આબુમાં કડકડતી ઠંડીનો અહેસાસ થાય છે અને આવી જ હાડ થીજાવી દે તેવી ઠંડીની અસર અહીં ડિસેમ્બરની પહેલી તારીખે જ અનુભાવા લાગી હતી. માઉન્ટ આબુમાં ૯ તથા ૧૦ ડિસેમ્બરને લઘુત્તમ તાપમાન ઝીરો ડિગ્રી પર નોંધાયુ છે. ૧૦ ડિસેમ્બર શનિવારે લઘુત્તમ તાપમાન ૦ ડિગ્રી રહેવાના કારણે વાહનો પર પણ બરફની મોટી ચાદર જામી ગઈ. ત્યાં ઘાસના મેદાનો પર પણ



ઝાકળની સફેદ ચાદર જામતી જોવા મળી રહી છે. સાથે જ હોટલની બહાર મુકેલા કાચના ટેબલ પર પણ ઝાકળ જામતી જોવા મળી રહી છે.

હવામાનના જાણકારોનું માનવુ છે કે આવનારા દિવસોમાં પર્વતીય પર્યટન સ્થળ માઉન્ટ આબુનું લઘુત્તમ તાપમાન ઝીરો ડિગ્રી સેલ્સિયસની નીચે જશે. સાથે જ સમગ્ર ઉત્તર ભારતમાં ચાલી રહેલી ઠંડી હવાઓના કારણે અહીંનું લઘુત્તમ તાપમાન વધુ ગગડશે.

તેવામાં બીજા દિવસે પણ માઉન્ટ આબુમાં કારની છત પર જામેલા બરફને ખોતરીને અહીં આવતા સહેલાણીઓએ ઠંડા બરફનો સ્પર્શ કરીને પોતાના હાથે આનંદ માણ્યો હતો. બરફને સ્પર્શીને તથા બરફ જામતો જોઇને સહેલાણીઓ પણ રોમાંચિત થઇ ગયા. હાડ થીજવતી ઠંડીમાં સહેલાણીઓએ પ્રકૃતિનો આનંદ માણ્યો. સહેલાણીઓનું કહેવું હતું કે તેમણે ગુજરાતમાં તો માત્ર ફ્રીજરમાં બરફ જામતો જોયો છે. પરંતુ આજે શનિવારે તેઓ પોતાની ગાડીની છત પર જામેલા બરફને સ્પર્શ કરીને અનુભવી રહ્યાં છે.

## તંત્રી સ્થાનેથી...

# કંગાળ દેખાવને કારણે કોંગ્રેસ પાતાળમાં ધકેલાયુ

*ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં ના માત્ર ભાજપે પણ કોંગ્રેસે નવો રેકોર્ડ બનાવ્યો છે. ભાજપે ૧૫૬ બેઠક સાથે ઐતિહાસિક જીત મેળવી તો બીજી તરફ ૧૭ બેઠક સાથે અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શન કોંગ્રેસે કર્યું છે. પરંતુ કોંગ્રેસ આ હારને પચાવી શક્તી નથી. અને મનોમંથન કરવાના બદલે હારનું ઠીકરું ફરી ઈફ્રસ પર ફોડી રહી છે. કોંગ્રેસે કારમી હારનું ઠીકરું ઈફ્રસ પર ફોડ્યું. ભરતસિંહ સોલંકી અને રઘુ દેસાઈએ સવાલો ઉઠાવ્યા છે. રઘુ દેસાઈએ કહ્યું કે કોંગ્રેસના પરંપરાગત વિસ્તારમાં પણ મત કેમ ના મળ્યા? ત્યારે શું છે સમગ્ર મામલો અને કેમ ઈફ્રસ પર ઉઠ્યા સવાલ જોઈએ આ ખાસ અહેવાલમાં.*

*ત્રિપાંખિયા જંગની ચર્ચાઓ વચ્ચે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે માઈલસ્ટોન વિક્ટરી હાંસલ કરી. ગુજરાતની સ્થાપનાથી અત્યાર સુધીમાં ક્યારેય કોઈ પક્ષે ના જીતી હોય એટલી બેઠકો ૨૦૨૨માં ભાજપને મળી. ભાજપની આ જીત સાથે કોંગ્રેસ પણ પાતાળમાં ધકેલાય ગઈ. પરંતુ અહીં ચર્ચા કોંગ્રેસની હાર કરતાં વધારે આમ આદમી પાર્ટીની ગુજરાતમાં એન્ટ્રીની થઈ રહી છે.*

*હકીકતમાં, ગુજરાતની જનતાએ આ વખતે કમાલ કરી નાખી છે એમાં કોઈ શંકા નથી. ગુજરાતની સ્થાપનાથી અત્યાર સુધીમાં કોઈપણ પક્ષને ન મળ્યો હોય એવો ઐતિહાસિક વિજય જનતાએ ભાજપના ખોળામાં નાખી દીધો. ઈતિસાહમાં ક્યારેય ન મળી હોય એવી કારમી હાર સાથે કોંગ્રેસને પાતાળમાં ધકેલી દીધી. ભાજપની વિક્રમ જીત અને કોંગ્રેસની ઐતિહાસિક હાર વચ્ચે ગુજરાતમાં એક નવા પક્ષની એન્ટ્રી પણ થઈ ચૂકી છે*

# પંજાબમાં ગેરકાયદે વેપાર કરતા વ્યાપારીઓ પર ગાળિયો કસાશે : મંત્રી ભુલ્લર



ચંદીગઢ,તા.૧૦

પંજાબના પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ડેરી વિકાસ મંત્રી લાલજીત સિંહ ભુલ્લરે વિભાગના અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે રાજ્યમાં પિગ મીટ માર્કેટને પ્રભાવિત કરી રહેલા બહારના રાજ્યોથી ગેરકાયદે રીતે લાવવામાં આવી રહેલા ડુક્કરો અને તેની સાથે સંબંધિત ગેરકાયદે વેપારમાં સંડોવાયેલા વેપારીઓને પકડવા માટે સિસ્ટમને વધુ મજબૂત કરવામાં આવે. તેમણે કડક નિર્દેશ આપ્યા કે સરહદી ગામોની સંપર્ક રસ્તાઓ પર તકેદારી વધારવા ડીજીપી પંજાબને પત્ર લખવામાં આવે.

અહીં પ્રોગ્રેસીવ પિગરી ફાર્મસ એસોસિયેશનના પ્રતિનિધિઓની ફરિયાદ સાંભળીને કેબિનેટ પ્રધાન લાલજીત સિંહ ભુલ્લરે જણાવ્યુ હતુ કે રાજ્યમાં ભૂંડના ગેરકાયદે પ્રવેશથી ભૂંડના પાલકોને આર્થિક નુકસાન થવા ઉપરાંત રાજ્યમાં ફાર્મના પાલતુ ડુક્કરોને જંગલી ડુક્કરોના આવવાથી આફ્રિકન સ્વાઈન ફીવર જેવી ગંભીર બિમારીઓ ફેલાવાનો પણ ડર રહે છે. પશુપાલન નિયામક ડૉ. સુભાષચંદ્ર ગોયલે કેબિનેટ મંત્રીને જણાવ્યુ હતુ કે આ સમસ્યાના નિરાકરણ માટે વિભાગે રાજ્યમાં એન્ટ્રી પોઈન્ટ પર ચેકપોસ્ટ ઊભી કરીને વેટરનરી અધિકારીઓને તૈનાત કર્યા છે. જેઓ પોલીસ અધિકારીઓ સાથે સંકલન કરીને જરૂરી કાર્યવાહી કરી રહ્યા છે.

### મદિરાલયમાં

કદી મદી મંદી બંદી ફંદી નડતી નથી મદિરાલયમાં,
સદૈવ પ્યાસાઓની ભીડ ઊભરાય મદિરાલયમાં.
ડીસ્કાઊન્ટ સેલની જરૂર નથી મદિરાલયમાં,
એક પર એક ફ્રીની સ્કીમ હોતી નથી મદિરાલયમાં.
એક થી એક ચઢીયાતી બાટલી ઊભરાય મદિરાલયમા,
ખિસ્સું ખાલી કરી ફાંટ ભરી અંગુરની બેટી ખરીદાય મદિરાલયમાં.
પુરુષ સમોવડી બની કે તેના કરતા ચડિયાતી થવાય મદિરાલયમાં,
ચખણા મળે તો ઠીક ચખણા વગર પીવાય મદિરાલયમાં.
આઈસ ક્યુબ કે પાણી કે નીટ પીવાય મદિરાલયમાં
સાકી જામ ભરે તો બેહિસાબ પીવાય મદિરાલયમાં
ઊપવાસ એકટાણામાં ફરાળી વાની માની પીવાચ મદિરાલયમાં,
ઘરવાળી ને બહારવાળીનો ભેદ ભૂલાય મદિરાલયમાં.
ગુજરાતી તો ઠીક અંગ્રેજી ફ્લ્યુન્ટ થાય મદિરાલયમાં .
અમીર ગરીબનો ભેદભાવ સમૂળગો ભુલાય મદિરાલયમાં
રંક પણ પીધા પછી રાજાપાઠમાં આવે મદિરાલયમાં,
તકલીફ, બેવફાઈ,દુખો ટેમ્પરરી વિસરાઈ મદિરાલયમાં.
પીધા પછી વારંવાર વારંવાર ઢીંચાય છે મદિરાલયમાં,
સઘળું ભૂલી ટાઈટ થઈ ગટરયાત્રાની અવદશા મદિરાલયમાં.

ભરત વૈષ્ણવ
૧૦.૧૨.૨૦૨૨# હાસ્ય

# દેવળિયા પાર્કની સિંહણનો (કાલ્પનિક )ઇન્ટરવ્યું

બખડજંતર( જેની હાલત ખખડધજ છે! વિવેચકની ભાષામાં નાભિશ્વાસ સ્થિતિ- આઈસીયુ પર છે!!) ચેનલના એકમાત્ર રીપોર્ટર એટલે કે ગિરધરભાઇ ઠનઠનવાળા અને કેમેરા મેન રાજુ રદી દેવળિયા સફારી પાર્કમાં પિડિતા સિંહણનો કાલ્પનિક ઈન્ટરવ્યુ કરવા બે-બે ડાઇપર પહેરીને નીકળ્યા.

સિંહણની ગુફાને બારણું હોય નહીં. એટલે શિષ્ટાચાર મુજબ દરવાજો નોક કરી 'મે આઇ કમ ઇન લાયોનેસ મેડમ" આવું તો પૂછવાનો અવકાશ નહીં.

"સિંહણબેન ,સિંહણબેન" મેં બૂમ મારી.

સિંહણે અંદરથી ત્રાડ પાડી. કદાચ સિંહણ પાછળ બેન લગાડ્યું તે ન ગમ્યું. આમ, પણ ચિર યોવનની કામના કરનાર કામિનીને બેનનું સંબોધન- ઉદ્દબોધન મકાઈની જેમ કયાં પચે છે? એટલે ગુસ્સાનો ગેસ થાય છે!!

" સોરી , સોરી લાયોનેસ લેડી-મેડમ પ" મેં ભૂલ સુધારણા કરી .

સિંહણ સસ્મિત વદને પૂંછડું પીઠ પર પસવારી રૂંવાટી સરખી કરતી કરતી બહાર આવી.

મેં મારું કાર્ડ આપ્યું. આગમનનું પ્રયોજન કહ્યું . મેડમ તમારો ઈન્ટર્યુ કરવાની ઈચ્છા છે.

રાજુ રદીએ લાઇવ મરઘી સિંહણને નજરાણા તરીકે રજૂ કરી.

સિંહણ મને ભેટી પડી. મારા હાજા ગગડી ગયા ને બેન્ડબાજા બગડી ગયા. તેના નહોર મને વાગ્યા, ઘસરકા થયા, લોહીના લસરકા થયા. સિંહણને કોણ કહે કે કંઇ ન મળે તો પતંજલિ દંત પંક્તિથી દાંત સાફ કરે!!

" મિ. ગિરધર માત્ર મરઘી? બકરું લાવવું જોઇએ?" સિંહણે પૂરક માંગણી રજૂ કરી !!

" મેડમ યુ આર એબ્સોલ્યુટલી રાઇટ. પણ યુ સી ચેનલની બજેટ લીમીટમાં મરઘી જ સેટ થતી હતી.આપણે ઈન્ટરવ્યું કરી લઈએ? " મેં સિંહણને પૂછયું.

રાજુએ જુદા જુદા એંગલથી ફોટા પાડ્યા. મેં કેમેરા રોલ ઓન કહી ઈન્ટરવ્યું શરૂ કર્યો.

" મેડમ તમારી સાથે શું થયેલું ? જરા વિગતે જણાવશો?"

" હું દેવળિયા પાર્કમાં એઝ યુઝવલ શિરામણ માટે આંટા મારતી હતી. હાય લા. થોડી વારમાં તો સીઆઇએ,એફબી, સીબીઆઈની ફલાંઇગ સ્કવોર્ડ જેવી સાત જિપ્સી ફટાફટ મારી આજુબાજુ કૂંડાળું વળી ગઇ. હું તો અબળા. આ ઘટનાથી ગભરાઇ ગઇ. મારા હાર્ટબીટ વધી ગયા. માનો કે લુહારની ધમણ ન હોય( તમે સમજો એ ધમણ નહીં હો કે!! એ તો કોરાનામાં સાવ ફલોપ ગયેલી !!)" સિંહણ શ્વાસ લેવા અટકી.

" તમારી ઘેરાબંધીનું કારણ શું?" મેં પૂછયું.

" મુંઆ પિટયાઓની મને એકલીને જોઇને દાનત બગડી હશે. અંધારામાં પુરૂં મારો વનરાજ વીઆઈપી દર્શન માટે હાજરી લગાવવા ગયેલો . વનરાજ હાજરી ભરાવે તો પાડો બાડો ચાખવા-ખાવા મળે. હરણા, સસલાં ખાઇને જીભનો ટેસ્ટ બદલાઇ જાય છે. જંગલમાં સેન્ટર ફ્રેંશની ટીકડીઓ પણ કયાં મળે છે?પાછા બધાના હાથમાં મોબાઇલ ગન!! ધડાધડ ફોટા- વીડયા પાડવા માંડ્યા . હું તો ફફડી ગઇ. મારા સિંહ સમાજમાં મારી આબરુંની વાટ વાગી જાય કે નહીં ?" સિંહણે હળવો નિસાસો નાંખ્યો.

તમને પણ માણસોની આટલી બીક લાગે?તમે ઘડીના છઠા ભાગમાં માણસને હતો ન હતો કરી નાંખો!" મેં કહ્યું

" માણસ ખૂટલ છે. સામી છાતીએ કયાં લડે છે?શોખને નામે નવાબ, રાજા , જમીનદાર ઝાડના માંચડે ચડીને બંદૂકની મદદથી અમારો શિકાર કરતા હતા! અમારા મડદા પર પગ કે બંદૂક ટેકવી બહાદુરીના ફોટો કે ચિત્રો તૈયાર કરી દિવાનખાનાની શોભા વધારે છે. તમે વિકાસના નામે ગીર અભ્યારણ્યમાં પાકી સડકો બનાવી સિમેન્ટ ફેકટરીઓના લાભાર્થે રેલવે લાઇન બિછાવી. કેટલાય સિંહો- સિંહણો- બચ્ચાઓ રેલમાં કપાઇ જાય છે!! થોડો વધુ ખર્ચ કરી એલિવેટેડ રેલવે લાઇન નાંખી હોત તો અમારા બધાના જીવ બચી ગયા હોત!! જંગલમાં રેલવે લાઇન નાંખવાની જરૂર જ નથી."સિંહણે નિરાશા વ્યકત કરી.

" તમે જંગલ છોડીને ખેતર, ગામ, વાડી અને શહેર લગી આવી જાવ છો? વનરાજને આ બધું શોભે ખરૂં?" મેં ટીકલીશ સવાલ પૂછ્યો.

" તુમ્હીને દર્દ દિયા હૈ ઔર પૂછ રહે હો? તમારા ઘરની અંદર કોઇ રેલવે લાઇન નાંખે, રોડ બનાવે, રીસોર્ટ, હોટેલ, ફાર્મ બનાવી દે તો તમારું ઘર સાંકડું થઇ જાય તો તમે ઘરમાં કેવી રીતે રહી શકો? માણસે આરબ અને ઉંટની વાર્તાની જેમ અમારું જંગલ પચાવી પાડે તો અમે નાછૂટકે નાઈલાજે નાવિકલ્પે તમારા વિસ્તારમાં અતિક્રમણ કર્યા સિવાય કોઇ વિકલ્પ રહેતો નથી. તમે અમને ક્યાંયના રહેવા દીધા નહીં!! અવળચંડાઓ મરઘી રાખીને અમને લલચાવે છે. બાઇકની લાઈટથી અમને દોડાવે છે!!અમારું પ્રાકૃતિક સંતુલન ખોરવી નાંખ્યું છે અમે જાયે તો કહાં જાયે??" સિંહણે નીડરતાથી કહ્યું.

" તમને મોટી અદાલતના નિર્ણયથી સંતોષ છે?" મેં છેલ્લો સવાલ પૂછ્યો.

" અરે , જજ સાહેબનો આભાર માનીએ એટલો ઓછો છે. લોકશાહીની છેલ્લી આશાની ચિનગારી ન્યાયતંત્ર છે. જે નિષ્પક્ષતાથી ફરજ બજાવે છે.બાકીના બધા માટે નો કોમેન્ટસ" આમ કહી સિંહણે ગર્જના કરી ઈન્ટરવ્યું પૂરૂષ ક્યાની ઘોષણા કરી.

સિંહણે કરેલી ગર્જનાથી રાજુ રદીના કપડાં બગડી ગયા અને રાજુ રદી નાહવા તેના ઘરે ધસી ગયો!!!

ભરત વૈષ્ણવ
૨૯.૧૧.૨૦૨૧.ઈહાસ્યલેખ

# દેશભરમાં ૪૦૩૩ ધારાસભ્ય, પહેલા નંબર પર ભાજપ, ભાજપના ૧૩૭૦ ધારાસભ્ય

### લોકસભામાં ૫૪૨માંથી ૩૦૩ સાંસદ બીજેપીના છે. જ્યારે કોંગ્રેસની પાસે ૫૩ સાંસદ છે

નવીદિલ્હી,તા.૧૦

ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવી ગયા છે. ગુજરાતમાં જ્યાં ભાજપ ફરીથી રેકોર્ડ સાથે સરકાર બનાવવામાં સફળ રહી છે. તો હિમાચલમાં પાંચ વર્ષ પછી કોંગ્રેસ ફરી સત્તામાં આવી છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી પણ પાંચ બેઠક જીતવામાં સફળ રહી છે. તેની સાથે આમ આદમી પાર્ટી પણ હવે રાષ્ટ્રી પાર્ટી બની ગઈ છે. એવો દાવો દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કર્યો છે. કેજરીવાલે કહ્યું કે ગુજરાતના લોકોએ આમ આદમીને રાષ્ટ્રીય પાર્ટી બનાવી દીધી છે. ગુજરાત અને હિમાચલના પરિણામ સામે આવ્યા પછી દેશભરમાં બીજેપી અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોની સંખ્યા વધી ગઈ છે. જ્યારે કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યામાં ઘટાડો થયો છે.આ સમયે દેશમાં સૌથી વધારે ધારાસભ્યો બીજેપી પાસે છે. જ્યારે બીજા નંબરે કોંગ્રેસના છે.

દેશમાં કેટલા ધારાસભ્યો:: આંકડા પ્રમાણે ૨૮ રાજ્ય અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્લી, પુડુચેરીને મળીને દેશમાં ૪૦૩૩ ધારાસભ્ય છે. સૌથી વધારે ભાજપના ૧૩૭૦ ધારાસભ્ય છે. તો બીજા નંબરે કોંગ્રેસના ૭૭૧ ધારાસભ્ય છે. તેના પછી તૃણમૂલ કોંગ્રેસના ૨૧૫ ધારાસભ્ય છે. જ્યારે ચોથા નંબરે ૧૬૧ ધારાસભ્ય સાથે આમ આદમી પાર્ટી છે.

દેશમાં કઈ પાર્ટીના કેટલા ધારાસભ્ય છે તે જોઈએ તો ભાજપ -૧૩૭૦ધારાસભ્ય,કોંગ્રેસ-૭૭૧ ધારાસભ્ય,તૃણમૂલ કોંગ્રેસ - ૨૧૫ ધારાસભ્ય,આમ આદમી પાર્ટી - ૧ ૬ ૧ ધારાસભ્ય,વાયએસઆરસીપી- ૧૫૧ ધારાસભ્ય ડીએમકે - ૧૩૩ ધારાસભ્ય,સમાજવાદી પાર્ટી - ૧૧૩ ધારાસભ્ય,બીજુ જનતા દળ - ૧૧૨ ધારાસભ્ય,સીપીઆઇ એમ - ૮૯ ધારાસભ્ય ટીઆરએસ-૮૮ ધારાસભ્ય છે.

દેશના ૧૧ રાજ્ય અરુણાચલ પ્રદેશ, અસમ, ગોવા, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્ય પ્રદેશ,ત્રિપુરા, મણિપુર, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં ભાજપના પોતાના મુખ્યમંત્રી છે. આ સિવાય મહારાષ્ટ્ર, મેઘાલય, નાગાલેન્ડ, સિક્કિમ અને પુડુચેરીમાં સરકારમાં ભાજપ સહયોગી છે. કુલ મળીને ૧૬ રાજ્ય એવા છે જ્યાં ભાજપ અને તેના સહયોગીઓની સરકાર છે. ચૂંટણી પંચમાંથી મેળવેલા આંકડા પ્રમાણે ભાજપના ૧૩૭૦ ધારાસભ્યમાં અડધાથી વધારે ધારાસભ્ય માત્ર ૫ રાજ્યમાં છે. સૌથી વધારે ૨૫૫ ધારાસભ્ય ઉત્તર પ્રદેશમાં છે. તેના પછી ૧૫૬ ધારાસભ્ય ગુજરાતમાં છે. પછી મધ્ય પ્રદેશમાં ૧૦૯, મહારાષ્ટ્રમાં ૧૦૫ અને કર્ણાટકમાં ૧૦૪ ધારાસભ્ય છે. આ આંકડા ચૂંટણી પરિણામોના છે. પછી અનેક ધારાસભ્ય તૂટીને ભાજપમાં આવી ગયા. તેનો આંકડો સામેલ કરવામાં આવ્યો નથી. કોંગ્રેસની માત્ર છત્તીસગઢ, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાં સરકાર છે. રાજસ્થાનમાં કોંગ્રેસના ૧૦૦ ધારાસભ્ય છે. મધ્ય પ્રદેશમાં ૯૬ ધારાસભ્ય છે. છત્તીસગઢમાં ૬૮ ધારાસભ્ય છે. જ્યારે હિમાચલમાં કોંગ્રેસે આ વખતે ૪૦ બેઠકો જીતી છે.

લોકસભામાં આ સમયે સાંસદોની સંખ્યા ૫૪૨ છે. એક સીટ હજુ પણ ખાલી છે. આ ૫૪૨માંથી ૩૦૩ સાંસદ બીજેપીના છે. જ્યારે કોંગ્રેસની પાસે ૫૩ સાંસદ છે. આ રીતે રાજ્યસભામાં આ સમયે ૨૩૯ ધારાસભ્ય છે. ૬ સીટ ખાલી છે. તેમાંથી ૯૨ સભ્ય ભાજપના છે. જ્યારે કોંગ્રેસના ૩૧ સાંસદ છે.

# તમિલનાડુમાં ચક્રવાત 'મંડુસ'ની એન્ટ્રી, ભારે વરસાદ વચ્ચે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો

ચેન્નાઇ,તા.૧૦

ચક્રવાતી તોફાન 'મંડુસ'ની અસર દક્ષિણના રાજ્યોમાં દેખાવા લાગી છે. અહીં તમિલનાડુના ચેન્નાઈમાં શુક્રવારે ભારે વરસાદ નોંધાયો હતો. ચક્રવાતના ભય વચ્ચે, ઓછામાં ઓછી ચાર ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી અને ઘણી ફ્લાઈટ્સ મોડી પડી છે. બંગાળની ખાડી પર બનેલું ચક્રવાતી તોફાન મંડુસ ૯ ડિસેમ્બરની રાત્રે અને ૧૦ ડિસેમ્બરની વહેલી સવારે ઉત્તર તમિલનાડુ અને દક્ષિણ આંધ્ર પ્રદેશ વચ્ચેના દરિયાકાંઠાના વિસ્તારમાંથી પસાર થશે. આ ચક્રવાત આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા અને પુડુચેરીની વચ્ચેથી પસાર થવાની સંભાવના છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બંગાળની ખાડીમાં બનેલી આ સિસ્ટમની અસરને કારણે તમિલનાડુના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા ટ્વિટર અપડેટમાં કહેવામાં આવ્યું છે કે મંડુસ કરાઈકલથી ૨૭૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં સ્થિત છે. આઈએમડીના એક અધિકારીએ જણાવ્યું હતું કે તે મલપ્પુરમ નજીક દરિયાકાંઠે પાર થવાની ધારણા છે અને ચેન્નાઈથી લગભગ ૨૭૦ કિમી દૂર કેન્દ્રિત છે.

આઈએમડી અધિકારીએ કહ્યું કે તે આગામી થોડા કલાકોમાં ચક્રવાતી તોફાનમાં નબળું પડી જશે. ભારે વરસાદ અને ભારે પવનનીંસ્ઢની ચેતવણીને ધ્યાનમાં રાખીને, તમિલનાડુના ઘણા જિલ્લાઓમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવી છે. દરમિયાન પડોશી પુડુચેરીમાં, પ્રાદેશિક વહીવટીતંત્રો આઈએમડી દ્વારા ચક્રવાતની ચેતવણી જારી કર્યા પછી શુક્રવાર અને શનિવારના રોજ પુડુચેરી અને કરાઈકલ પ્રદેશોમાં તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરી હતી. બંગાળની ખાડી પર બનેલું લો પ્રેશર ૬ ડિસેમ્બરે ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું હતું.

# કેસીઆર માટે હું સૌથી મોટો પડકાર છું', કસ્ટડીમાંથી છૂટ્યા બાદ જગનમોહનની બહેન ભૂખ હડતાળ પર

હૈદરાબાદ,તા.૧૦

તેલંગાણામાં રાજકીય રીતે સક્રિય બનેલા જગનમોહન રેડ્ડીની બહેન વાયએસ શર્મિલાએ મુખ્યમંત્રી કેસીઆર પર પ્રહારો કર્યા છે. તેમણે તેમની પદયાત્રા દરમિયાન અટકાયતમાં લેવા બદલ તેલંગાણા સરકારની ટીકા કરી હતી. શર્મિલાએ કહ્યું કે કેસીઆરે તેમની પદયાત્રા માટે પરવાનગી આપી ન હતી. જ્યારે આ પહેલા ભાજપ અને કોંગ્રેસ બંનેને મંજૂરી આપવામાં આવી હતી.

નોંધપાત્ર રીતે, કેસીઆરટીપી વડા વાયએસ શર્મિલાને પોલીસે કસ્ટડીમાં લીધા હતા. વારંગલ પોલીસે તેણીને ત્યાં કૂચ કરવાની પરવાનગી નકાર્યા બાદ તે તાંગ બુંદ આંબેડકરની પ્રતિમા પાસે ધરણા કરી રહી છે. અહીંથી જ આજે તેમણે મુખ્યમંત્રી પર પ્રહારો કર્યા હતા. શર્મિલાએ કહ્યું કે કેસીઆર ડરી ગયા છે કારણ કે તેઓ જાણે છે કે મારો સારો સપોર્ટ છે અને હું તેમનો સૌથી મોટો પડકાર છું. તેણીએ જાહેરાત કરી કે જ્યાં સુધી તેના લોકોને મુક્ત કરવામાં ન આવે અને કૂચની મંજૂરી આપવામાં ન આવે ત્યાં સુધી તેણી ભૂખ હડતાલ ચાલુ રાખશે.

વાયએસઆરટીપીના વડાએ કહ્યું કે તેલંગાણા પોલીસકર્મીઓ કેસીઆરના પ્યાદાની જેમ વર્તી રહ્યા હતા. ગઈકાલે મહિલાઓ સહિત મારા લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને માર મારવામાં આવ્યો હતો. તેઓ હજુ પણ પોલીસ સ્ટેશનમાં છે. આજે મારા લોકોને મને મળવાથી રોકવામાં આવી રહ્યા છે. સમગ્ર વિસ્તારમાં બેરિકેડ લગાવવામાં આવ્યા છે. આ પોલીસની બર્બરતા છે.

નોંધપાત્ર રીતે, જગનની બહેનની અગાઉ પણ બે વાર ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તે હૈદરાબાદમાં તેલંગાણાના મુખ્ય પ્રધાન કેસીઆરના કાર્યાલય-કમ-નિવાસસ્થાન પ્રગતિ ભવન તરફ જઈ રહી હતી. ભારત રાષ્ટ્ર સમિતિના કાર્યકરો પર શર્મિલાના સમર્થકો પર મારપીટ કરવાનો આરોપ છે અને તે આના વિરોધમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને જઈ રહી હતી. ત્યારબાદ શર્મિલાને કસ્ટડીમાં લેવામાં આવી હતી.વા.એસઆરટીપીના વડા વાહનમાં બેઠા હોવા છતાં શર્મિલાની કારને પોલીસે દૂર ખેંચી હતી. એટલું જ નહીં, પોલીસે વાયએસઆરટીપીના ઘણા કાર્યકરોને કસ્ટડીમાં લીધા હતા.

# ભારત કરતા પાકિસ્તાનમાં સોનું 3 ગણું મોંઘુ

નવીદિલ્હી,તા.૧૦

પાડોશી દેશ પાકિસ્તાન હાલમાં સૌથી કંગાળીના તબકકામાંથી પસાર થઈ રહ્યું છે.જેનો અંદાજ એના પરથી જ આવી જાય છે કે ત્યાં સોનું ભારતમાં એક તોલાની સરખામણીએ ૩ ગણું મોંઘુ છે.એક તોલા બરાબર ૧૧.૬૬ ગ્રામ થાય. ભારતમાં ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામ ભાવ રૂા.૫૫,૬૦૦ રહેતા ૧૧.૬૬ ગ્રામનો ભાવ લગભગ રૂા.૬૧,૦૦૦ આસપાસ થાય. આની સામે પાકિસ્તાનમાં તોલાનો ભાવ રૂા.૧.૬૫ લાખ રહ્યો છે.પાકિસ્તાનમાં સોનાનો તોલાનો ભાવ આસમાને પહોંચ્યા હોવાનું જાણવા મળે છે. પાકિસ્તાનનું નબળુ અર્થતંત્ર અને ડોલર સામે રૂપિયાના ધોવાણની સીધી અસર સોનાના ભાવ પર થઈ છે.

પાકિસ્તાની પ્રજામાં નબળા અર્થ વ્યવસ્થા અને નાણાકીય કટોકટીમાં સોનું સૌથી સુરક્ષીત સાધન હોવાનું માનવામાં આવે છે અને તેને, કારણે સોનામાં ખરીદી વધી છે.પાકિસ્તાન સરાફા બજાર દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર સોનાનો તોલાનો ભાવ રૂા.૧.૬૫ લાખ મુકવામાં આવ્યો હતો.જે અત્યાર સુધીનો સૌથી વધુ છે. જયારે ચાંદીનો તોલાનો ભાવ રૂા.૧,૬૮૦ હતો.

પાકિસ્તાની રૂપિયો ડોલર સામે ૨૨૪.૬૦ સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે.ડોલર સામે રૂપિયાના ઘસારા અને વૈશ્વિક બજારમાં સોનુ ફરીથી ૧,૮૦૦ ડોલરે પહોંચતા તેની નકારાત્મક અસર જોવાઈ છે.વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના રિપોર્ટ અનુસાર પાકિસ્તાનમાં ત્રીજા માસીક ગાળા દરમ્યાન સોનાની માગ ૩૪ ટકા વધીને ૧૩ ટનની રહી હતી. છેલ્લા ત્રણ વર્ષની આ સૌથી ઉંચી માગ હોવાનું નોંધાયું છે.પાકિસ્તાનમાં મોંઘવારીએ પણ માઝા મુકી છે અને ફુગાવાનો દર ૨૪ ટકાએ પહોંચતા ત્યાંની સેન્ટ્રલ બેંક્ને છેલ્લા એક વર્ષમાં ૬૨૫ બેસિઝ પોઇન્ટનો વધારો કરાયો છે. અને હાલ વ્યાજ દર ૧૬ ટકાના સ્તરે રહ્યા છે.

ભારતમાં પણ સોનું ઉંચકાઈને આઠ મહિનાની રુા. ૫૫,૬૦૦ની ટોચે પહોંચ્યું છે. યુક્રેન અને રશિયાના યુધ્ધને પગલે સોનાના ભાવ ઊંચકાયા હતા.

# રાજસ્થાનમાં ચુંટણીને ભાજપ સક્રિયઃ ૩૮ નેતાઓની ટિકિટ ખતરામાં, મોદી-શાહ આ ફોર્મૂલા તૈયાર

### ભાજપ લોકસભા ચૂંટણીના ૮ મહિના પહેલાં વિધાનસભા ચૂંટણીમાં કોઇ બેદરકારી નહી ઇચ્છે

જયપુર,તા.૧૦

અમિત શાહ જો રાજસ્થાનમાં પણ ગુજરાત ફોર્મૂલા લાગૂ કર્યો તો ૩૦ સાંસદ અને ધારાસભ્યોને ટિકિટ કપાવવાનું નક્કી ગણવામાં આવી રહ્યું છે. રાજસ્થાન ભાજપમાં મુખ્યમંત્રી પદના ઘણા દાવેદાર છે. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે, ભાજપ પ્રદેશાધ્યક્ષ સતીશ પૂનિયા, કેંદ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત સહિત ઘણા નેતા રેસમાં છે. મુખ્યમંત્રી અશોક ગેહલોત અને પીસીસી ચીફ ગોવિંદ સિંહ ડોટાસરા તો મોટાભગે એ પણ કહે છે કે ભાજપમાં એક ડઝનમાં દાવેદાર છે.

ગુજરાતમાં ભાજપે યુવાઓને વધુ તક આપી. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીથી લઈને ડેપ્યુટી સીએમ નિતિન પટેલની ટિકિટ કાપીને ઘરે બેસાડી દીધા. એમ કહેવામાં આવ્યું છે કે આ નેતા યુવાનોનું માર્ગદર્શન કરશે. આ ઉપરાંત ચૂંટણી વર્ષમાં આખી સરકાર બદલી નાખી.

જ્યારે વિજય રૂપાણીને સીએમ પદેથી દૂર કરવામાં આવ્યા તો તેમની સાથે આખી કેબિનેટ બદલી દીધી. બધા નવા મંત્રી બનાવવામાં આવ્યા. કેટલાક રાજકીય વિશ્લેષકોએ ચૂંટણી વર્ષમાં આ પ્રયોગ પર પ્રશ્નો ઉભા કર્યા પરંતુ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મળેલી બંપર જીતે મોદી શાહના ફોર્મૂલા પર સફળતાની મોહર લગાવી.

રાજસ્થાનમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી છે. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાના બહાને કોંગ્રેસ સંપૂર્ણપણે ચૂંટણી મોડમાં જઇ શકે છે.

અશોક ગેહલોત પણ આ વખતે જલદી રજૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. ૧૦ ડિસેમ્બરથી બજેટ પર ભલામણ માંગવાની પણ શરૂઆત થઇ જશે. બીજી તરફ ચૂંટણી બાદ ભાજપ હાઇકમાન્ડ પણ રાજસ્થાન પર કેન્દ્રીત થઇ જશે.

૨૦૧૪ અને ૨૦૧૯ માં ભાજપે રાજસ્થાનમાં ક્લિન સ્વીપ કરી હતી. એવામાં ભાજપ લોકસભા ચૂંટણીના ૮ મહિના પહેલાં વિધાનસભા ચૂંટણીમાં કોઇ બેદરકારી નહી ઇચ્છે. રાજસ્થાનમાં જો ગુજરાત ફોર્મૂલા લાગૂ થાય છે. તો માનવામાં આવી રહ્યું છે કે ૩૮ સાંસદ અને ધારાસભ્ય એવા છે જેમની ટિકિટ ખતરામાં આવી શકે છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

**NOG SS No-123**
પ્રકાર-પદ્ય
વિષય-પરિચય
શીર્ષક-શિશુવય આપશે
રચના-
શિશુવય આપશે
વાતને વેવાર,સંસ્કારો જ પરિચય આપશે.
હોય વર્તન રુક્ષ,માનવને જ અવિનય આપશે.
જિંદગીના રંગમંચે,કેટલા નાટક થયાં.
વેશભુષાથી સમજ્યા એ જ અભિનય આપશે.
હરઘડી સ્મરણ હદયમાં છે પ્રભુના નામનું.
દુઃખ સહન કરવા જ આયુષ્ય નિરામય આપશે.
કાવ્ય લખવાને મનન ચિંતન જરુરી છે ઘણું.
ને કલમ ચાલી નિરંતર શબ્દ અતિશય આપશે.
બાળ નાના હોય તો નિર્દોષતા તો છે સહજ.
‘દિવ્ય’કરતી પ્રાર્થના ભાવે એ શિશુવય આપશે.
દિવ્યા દેઢિયા ‘દિવ્ય’
મુંબઈ- વડાલા

---------------------------------------------------

**NOG SS No. -39**
વિષય -પરિચય
પ્રકાર - પદ્ય- અછાંદસ
શીર્ષક - સન્નાટો
તું કોણ છે?
ઓળખ? મારી? આપું મારો પરિચય?
હું હરતી ફરતી રસ્તે રઝળતી વાર્તા.
ના કોઈ નામ, ના કોઈ ઓળખ, ના કોઈ લેબલ!
બસ, રઝળું છું.
ક્યારેક રઝળતા રઝળતા કોઈના હાથમાં આવી જઉં,
ગમી જઉં તો રાખી લે ભીતર,
મઠારે મને અંદર- બહાર,
બધું જ બદલી પણ નાંખે.
સુંદર કલેવર પહેરાવી દે,
સરસ નામ પણ આપી દે,
સજાવી દે, મનોહર બનાવી દે,
અને લોકોમાં પ્રસિધ્ધ પણ કરી દે.
પણ જો હું કોઈકના હાથમાં આવી જઉં
અને ગમી જઉં
તો જ.
નહીં તો
હરતી ફરતી રસ્તે રઝળતી વાર્તા.
મેલી --ઘેલી, વ્યથાઓથી ભરેલી,
ભીતરથી તૂટેલી વેરવિખેર
મધુરાં છતાંય અધૂરાં ઓરતાથી છલોછલ
રહસ્યોથી ઘેરાયેલી...
પણ આમ સીધી ને સરળ,
કોઈને જલ્દી જચું નહીં એવી
નામ- ઠામ વગરની,
કોઈ મને ના ઓળખે,
પણ હું બધાને ઓળખું!
તો ય મને શોધતાં હોય
પણ હું નજરે ના પડું.
ફરું છું વજનદાર જિંદગીનો બોજો લઈને!
સ્તબ્ધ છું!
હું મને જ ન જડું એવી
સ્વયંથી ભૂલી પડેલી,
ડુમો થઈને રૂંધાયા કરતી,
અવાજોની દુનિયામાં ખોવાઈ ગયેલી,લાચાર
જિંદગી છું!
અને તું સન્નાટો!
સદાય મારામાં છુપાયેલો.
પ્રફુલ્લા"પ્રસન્ના"
અમદાવાદ

### વિક્લી માર્કેટ રિપોર્ટ

# ક્રૂડ તેલ વાયદો સાપ્તાહિક ધોરણે બેરલદીઠ રૂ.૭૦૫ લપસ્યોઃ કોટનમાં રૂ.૧,૧૭૦નો કડાકો

## સપ્તાહ દરમિયાન ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૧,૬૨૫નો ઉછાળોઃ સોનું રૂ.૧૫૮ વધ્યુઃ મેન્થા તેલ સુધર્યુઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૧૭૦૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૩૯૫૫૪ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૫૩ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨થી ૮ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન ૪૪,૭૭,૧૦૨ સોદાઓમાં કુલ રૂ.૩,૫૧,૬૦૮.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૧૧,૭૦૧.૪૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨,૩૯,૫૫૪.૪૮ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૬૫,૨૯૬ સોદાઓમાં કુલ રૂ.૫૧,૯૧૮.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૩,૮૧૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૪,૨૨૮ અને નીચામાં રૂ.૫૩,૪૬૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૫૮ વધી રૂ.૫૪,૦૫૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૮૭ વધી રૂ.૪૩,૨૭૯ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૦ વધી રૂ.૫,૩૩૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩,૪૧૬ના ભાવે ખૂલી, રૂ.૧૯૨ વધી રૂ.૫૩,૭૪૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૫,૩૭૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૭,૩૯૪ અને નીચામાં રૂ.૬૫,૦૪૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૬૨૫ વધી રૂ.૬૭,૦૩૪ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૬૩૨ વધી રૂ.૬૭,૦૦૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૩૨ વધી રૂ.૬૬,૯૯૭ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧,૧૦,૧૩૯ સોદાઓમાં રૂ.૧૭,૩૨૨.૩૬ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૩૫ વધી રૂ.૨૧૫.૪૫ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૧૩.૫૫ વધી રૂ.૨૮૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૬.૩૫ વધી રૂ.૭૦૭.૯૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ વધી રૂ.૧૮૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫,૯૯,૯૭૫ સોદાઓમાં કુલ રૂ.૪૨,૨૧૮.૫૮ કરોડનો ધંધો થયો હતો.

ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૬૨૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૭૩ અને નીચામાં રૂ.૫,૯૧૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૭૦૫ ઘટી રૂ.૫,૯૬૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૧.૧૦ ઘટી રૂ.૫૦૩.૭૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૨,૭૪૩ સોદાઓમાં રૂ.૨૪૧.૬૫ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૩૩.૫૦ના સુધારા સાથે રૂ.૧,૭૨૩.૫૦ બંધ થયો હતો. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૯૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૨,૫૭૦ અને નીચામાં રૂ.૩૧,૧૬૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૧૭૦ ઘટી રૂ.૩૧,૨૧૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૨.૪૦ વધી રૂ.૯૬૪.૪૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬,૪૪૨.૪૫ કરોડનાં ૩૦,૫૪૩.૬૬૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૫,૪૭૬.૪૪ કરોડનાં ૫,૩૬૫.૫૨૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૮,૫૭૧.૭૬ કરોડનાં ૨,૯૩,૬૯,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૩,૬૪૭ કરોડનાં ૪૮,૬૦,૬૩,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૧૫.૭૪ કરોડનાં ૬૭,૯૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૫.૮૮ કરોડનાં ૨૭૧.૪૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૨૩૪.૩૬૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૧૩.૦૬૮ ટન, ક્રૂડ તેલમાં ૨૪,૫૬,૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૫૯,૪૧,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૦૩૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૨૯.૮૪ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૩૫૨.૫૯ કરોડનાં ૪,૭૧૨ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૯૦૨ના સ્તરે ખૂલી, ૧૪૯ પોઈન્ટ વધી ૧૫,૦૭૬ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર રૂ.૨,૩૯,૫૫૪.૪૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૨૧૪.૦૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૦૬.૭૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૦૦,૮૮૧.૪૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૧,૮૩૭.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ્સની સાપ્તાહિક વધઘટ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | ખૂલી (રૂ.) | વધી (રૂ.) | ઘટી (રૂ.) | બંધ (રૂ.) | વધઘટ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| બુલડેક્સ | ૨૩-૧૨-૨૨ | ૧ યુનિટ | ૧૪૯૦૨ | ૧૫૧૯૦ | ૧૪૮૪૨ | ૧૫૦૭૬ | ૧૪૯ |
| ગોલ્ડ-ગિની | ૩૦-૧૨-૨૨ | ૮ ગ્રામ | ૪૨૮૫૫ | ૪૩૩૬૦ | ૪૨૮૨૧ | ૪૩૨૭૯ | ૨૮૭ |
| ગોલ્ડ-પેટલ | ૩૦-૧૨-૨૨ | ૧ ગ્રામ | ૫૨૯૦ | ૫૩૪૭ | ૫૨૭૫ | ૫૩૩૫ | ૪૦ |
| સોનું | ૦૩-૦૨-૨૩ | ૧૦ ગ્રામ | ૫૩૮૧૦ | ૫૪૨૨૮ | ૫૩૪૬૧ | ૫૪૦૫૧ | ૧૫૮ |
| સોનું-મિની | ૦૫-૦૧-૨૩ | ૧૦ ગ્રામ | ૫૩૪૧૬ | ૫૩૮૯૫ | ૫૩૧૫૦ | ૫૩૭૪૧ | ૧૯૨ |
| ચાંદી | ૦૩-૦૩-૨૩ | ૧ કિલો | ૬૫૩૭૯ | ૬૭૩૯૪ | ૬૫૦૪૦ | ૬૭૦૩૪ | ૧૬૨૫ |
| ચાંદી-માઈક્રો | ૨૮-૦૨-૨૩ | ૧ કિલો | ૬૫૪૩૫ | ૬૭૩૮૧ | ૬૫૦૭૫ | ૬૬૯૯૭ | ૧૬૩૨ |
| ચાંદી-મિની | ૨૮-૦૨-૨૩ | ૧ કિલો | ૬૫૧૪૧ | ૬૭૩૭૯ | ૬૫૦૬૬ | ૬૭૦૦૨ | ૧૬૩૨ |
| એલ્યુમિનિયમ | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૨૧૧.૧ | ૨૧૮ | ૨૦૯.૧૫ | ૨૧૫.૪૫ | ૪.૩૫ |
| જસત | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૨૭૧ | ૨૮૭.૪૫ | ૨૬૭.૯ | ૨૮૪.૬ | ૧૩.૫૫ |
| તાંબુ | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૬૮૯ | ૭૧૧.૮૫ | ૬૮૫.૬૫ | ૭૦૭.૯ | ૧૬.૩૫ |
| સીસું | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૧૮૪.૬ | ૧૮૭.૨૫ | ૧૮૪.૧૫ | ૧૮૫.૯૫ | ૧.૦૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૧૨-૨૨ | ૧ બેરલ | ૬૬૨૩ | ૬૭૭૩ | ૫૯૧૦ | ૫૯૬૮ | -૭૦૫ |
| નેચરલ ગેસ | ૨૭-૧૨-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૫૪૯.૩ | ૫૫૧.૯ | ૪૪૯.૨ | ૫૦૩.૭ | -૫૧.૧ |
| કપાસ | ૨૮-૦૪-૨૩ | ૨૦ કિલો | ૧૭૨૩.૫ | ૧૭૨૩.૫ | ૧૭૨૩.૫ | ૧૭૨૩.૫ | ૩૩.૫ |
| કોટન | ૩૦-૧૨-૨૨ | ૧ ગાંસડી | ૩૧૯૦૦ | ૩૨૫૭૦ | ૩૧૧૬૦ | ૩૧૨૧૦ | -૧૧૭૦ |
| મેન્થા તેલ | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૯૫૨.૨ | ૯૬૫.૯ | ૯૩૮ | ૯૬૪.૪ | ૧૨.૪ |

સપ્તાહના ટોપ-૫ ગેઈનર્સ વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| જસત | ૩૧-૦૧-૨૩ | ૧ કિલો | ૨૮૭.૧૫ | ૨૭૨.૯ | ૧૪.૨૫ | ૫.૨૨ |
| જસત | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૨૮૪.૬ | ૨૭૧.૦૫ | ૧૩.૫૫ | ૫ |
| ચાંદી-માઈક્રો | ૨૮-૦૪-૨૩ | ૧ કિલો | ૬૭૯૨૨ | ૬૬૧૪૦ | ૧૭૮૨ | ૨.૬૯ |
| ચાંદી-માઈક્રો | ૩૧-૦૮-૨૩ | ૧ કિલો | ૬૯૫૮૦ | ૬૭૭૭૦ | ૧૮૧૦ | ૨.૬૭ |
| ચાંદી | ૦૫-૦૫-૨૩ | ૧ કિલો | ૬૭૯૯૦ | ૬૬૨૩૩ | ૧૭૫૭ | ૨.૬૫ |

સપ્તાહના ટોપ-૫ લૂઝર્સ વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | ૧૯-૧૨-૨૨ | ૧ બેરલ | ૫૯૬૮ | ૬૬૭૩ | -૭૦૫ | -૧૦.૫૬ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૧-૨૩ | ૧ બેરલ | ૬૦૨૩ | ૬૬૯૯ | -૬૭૬ | -૧૦.૦૯ |
| નેચરલ ગેસ | ૨૫-૦૧-૨૩ | ૧ એમએમબીટીયૂ | ૪૯૪.૮ | ૫૪૮.૧ | -૫૩.૩ | -૯.૭૨ |
| નેચરલ ગેસ | ૨૭-૧૨-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૫૦૩.૭ | ૫૫૪.૮ | -૫૧.૧ | -૯.૨૧ |
| નેચરલ ગેસ | ૨૩-૦૨-૨૩ | ૧ એમએમબીટીયૂ | ૪૫૬.૭ | ૫૦૧.૨ | -૪૪.૫ | -૮.૮૮ |

સપ્તાહના ટોપ-૫ ટ્રેડેડ વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | વોલ્યુમ અને ઓ.ઈ.નું એકમ | સોદા | મૂલ્ય (રૂ. કરોડમાં) | વોલ્યુમ | ઓપન ઈન્ટરેસ્ટ |
|---|---|---|---|---|---|
| નેચરલ ગેસ | એમએમબીટીયૂ | ૩૪૪૦૭૩ | ૨૩૬૪૬.૮૨ | ૪૮૬૦૬૩૭૫૦ | ૧૫૯૪૧૨૫૦ |
| ક્રૂડ તેલ | બેરલ | ૨૫૫૯૦૨ | ૧૮૫૭૧.૭૬ | ૨૯૩૬૯૫૦૦ | ૨૪૫૬૪૦૦ |
| ચાંદી | કિલો | ૭૮૧૦૨ | ૧૮૦૮૮.૩૩ | ૨૭૩૭૬૮૦ | ૬૧૮૯૦૦ |
| સોનું | કિલો | ૨૨૧૫૯ | ૧૩૬૯૬.૮૮ | ૨૫૪૨૧ | ૧૭૫૪૬ |
| ચાંદી-મિની | કિલો | ૨૨૨૫૪૫ | ૯૦૮૬.૧૫ | ૧૩૭૩૫૫૫ | ૧૫૩૬૧૫ |

### ★॥ જુનો ન વપરાતો મોબાઇલ નંબર ॥★

★આપણે મોબાઈલ નંબર બદલીએ છીએ, તો આપણું શું નુકસાન. ?★

★તાજેતરમાં એક મહિલાના બેંક ખાતામાંથી રૂ.૮,૧૬,૦૦૦/- ગાયબ થઈ ગયા હતા.★

★આ બનાવ કેવી રીતે બન્યો?★

★૧. મહિલાએ જે મોબાઈલ નંબર તેના બેંક ખાતા સાથે લિંક કર્યો હતો. તે નંબરનો તેણીએ ૪ વર્ષથી ઉપયોગ કર્યો ન હતો.★

★તેમજ તેના દ્વરૂઝમાંથી તેને કાઢી નાખવા માટે બેંકને કોઈ જાણ કરી ન હતી.★

૨. હવે, તે બિનઉપયોગી મોબાઈલ સિમ નંબર મોબાઈલ કંપની દ્વારા બંધ કરીને અન્ય વ્યક્તિને આપવામાં આવે છે.

૩. મોબાઈલ કંપનીની પોલિસી અનુસાર, જો કોઈ નંબર તમારા દ્વારા ૬ મહિના સુધી ઉપયોગમાં ન લેવાયો હોય તો તે કોઈ બીજાને આપી શકાય છે.

૪. હવે તેમના દ્વારા છ મહીના સુધી ન વપરાયેલ નંબર જે બીજી વ્યક્તિને ફાળવવામાં આવ્યો તે વ્યક્તિને બેંકના નિયમિત ઇનકમિંગ જીસ્જી આવવા લાગ્યા.

હવે તેણે બેંકની સાઇટ પર જઇને જરૂરી લીંક ઍક્સેસ કરી અને લખ્યું કે... ★Forgot Password- ★પાસવર્ડ ભૂલાઈ ગયો છે. તેથી લિંકના પ્રમાણીકરણ માટે બેંકમાંથી OTP તેના કબજામાં રહેલા નંબર પર ગયો. તેણે દરેક ઔપચારિકતાઓ પૂર્ણ કરી નવો પાસવર્ડ સેટ કર્યો અને ખુશીથી ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા તમામ પૈસા ઉપાડી લીધા.★

★તેથી, જો તમે તમારો જૂનો નંબર લિંક કર્યો છે જેનો તમે ક્યાંય ઉપયોગ કરી રહ્યાં નથી અથવા બંધ કરી રહ્યા છો, તો તમારે બેંકમાં જવું પડશે અને બેંકિંગ નિયમો અનુસાર તે નંબરને ડીલિંક કરવો પડશે.★

કૃપા કરીને ધ્યાનમાં રાખો કે છ મહિના પછી તમારો મોબાઈલ નંબર અન્ય કોઈને ફરીથી ફાળવી શકાય છે.

આ હકીકત આપણામાંના ઘણા માટે નવી હોઈ શકે છે. પણ તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. માટે ધ્યાનથી વિચારો.

# ૧૧ ડીસેમ્બર, “આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ”



### આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ

વર્ષ ૨૦૦૩થી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે ૧૧ ડીસેમ્બરનાં દિવસને ‘‘આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ’’ તરીકે ઉજવવામાં આવે છે. પર્યાવરણની દ્રષ્ટીએ જોઈએ તો તમામ પ્રકારનાં પર્વતો મહત્વનાં છે પછી ભલે તે બરફ આચ્છાદિત હોય કે સંપૂર્ણ લીલોતરીથી મહેકતા હોય. દરેકે દરેક પ્રકારનાં પર્વતોમાં વિવિધ પ્રકારની જીવસૃષ્ટિ વસે છે. પશુ, પક્ષી, પ્રાણીઓથી લઈને વિવિધ વનસ્પતિ અને માનવી પણ ઘણા ચોક્કસ પહાડી પ્રદેશોમાં રહે છે. વળી જે લોકો ત્યાં રહેતા નથી તો એ જગ્યાનો, માહોલનો આનંદ માણવા માટે પણ પહાડો પર થોડા દિવસો માટે રહેવા જાય છે. પર્વતો પર રહેલી કુદરતી હવા, પ્રદુષણ રહિત માહોલ સૌને આનંદ આપે છે.

જેવી રીતે ટ્રાવેલ ટુરીઝમ વધ્યું છે તેમ તેમ લોકો અન્ય વિસ્તારોમાં ફરવા કરતાં પર્વતો પર જઇને પોતાનાં રજાના દિવસો વિતાવવાનું વધારે પસંદ કરે છે પછી ભલે તે કોઈ યાત્રાધામ હોય, હિમાચલ પ્રદેશ હોય, બરફીલા પ્રદેશો હોય કે દક્ષિણમાં આવેલા લીલોતરીથી સજ્જ પર્વતો હોય. બધે જ રજાનાં દિવસોમાં કે વેકેશનમાં ભીડ જોવા મળે છે. વળી કોરોનાકાળમાં તો જયારે અમુક વિસ્તારોમાં ખુબ જ તકલીફનાં કારણે સંપૂર્ણ કાર્યભાર બંધ રાખવામાં આવ્યો હતો ત્યારે કેટલાંક લોકો કામનો ભારો ઉતરતા જ પરિવાર સાથે મજા કરવા કે કોરોનાથી બચવા માટે પહાડો પર પહોચી ગયા હતા. જો કે ત્યાંથી પણ ઘણાને કોરોના ડીટેકટ થયો અને પછી જ લોકોને આ વિષયની ગંભીરતા સમજાવા લાગી, પરંતુ અહિ મુખ્ય બાબત એ છે કે કુદરતી રીતે નિર્માણ થયેલા એવા પર્વતો પર જરૂર કરતા વધુ માનવ વસાહત થતા, હવા, પાણી, જમીનનું પ્રદુષણ વધ્યું છે. ઉપરાંત નોઈસ અને લાઈટ પોલ્યુશન પણ વધારાના ઉમેરાયા છે. આવામાં પર્વતો પર રહેતી વન્ય જીવસૃષ્ટિનું શું ? જો માનવ બધે જ પોતાનું અસ્તિત્વ જમાવશે તો પ્રાણીઓનું શું ? હા એ વાત સાચી કે પર્વતો પર જીવન ગુજારતા કેટલાક લોકો માટે આવકનું સાધન બનવા તેમજ ઇકોનોમી મેઈન્ટેનઇન રાખવા માટે ટ્રાવેલ ટુરીઝમ જરૂરી છે, પરંતુ તેને લગતા અમુક ચોક્કસ કડક નિયમો તો હોવા જ જોઈએ. જેથી કુદરતી સંસાધનોનું રક્ષણ થઈ શકે.

### સપા નેતા અનુરાગ ભદોરિયાની સંપત્તિ જપ્ત કરવાની તૈયારી, પરિવાર પર ત્રાસનો આરોપ

હઝરતગંજ,તા.૧૦

હઝરતગંજ પોલીસે મોડી સાંજે સપા નેતા અનુરાગ ભદોરિયાના ઘરે નોટિસ ચોંટાડી હતી. જો તે હાજર નહીં થાય તો તેની મિલકત જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે. કેસમાં પૂર્વ સાંસદ અને અનુરાગની સાસુ સુશીલા સરોજ કહે છે કે અમને હેરાન કરવામાં આવી રહ્યા છે. આ ઘર અનુરાગનું નથી. ખાણ. અનુરાગને ન્યાય મળશે. નોટિસ ચોંટાડતા પહેલા પોલીસે પૂછ્યું પણ ન હતું કે તે કોનું ઘર છે.૧૧ નવેમ્બરે ટીવી ન્યૂઝ ચેનલ પર ચર્ચા દરમિયાન, ભદૌરિયા પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને તેમના ગુરુ પર અપમાનજનક ટિપ્પણી કરવાનો આરોપ છે.ડીસીપી મધ્ય અપર્ણા રજત કૌશિકે જણાવ્યું કે અનુરાગ ભદોરિયા વિરુદ્ધ બીજેપી નેતા હીરો બાજપાઈની તહરિર પર કેસ નોંધવામાં આવ્યો છે.

# ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતીમાં પત્રકાર પરિષદ સંબોધી

**આજે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ૧૫મી ગુજરાત વિધાનસભામાં ચૂંટાયેલ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રીઓની પક્ષના નેતાની વરણી કરવા માટે એક બેઠક મળી હતી - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિકાસની રાજનીતિ અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રવાદની નીતિ ઉપર રાજ્યની જનતા જનાર્દને મંજુરીની મહોર મારી છે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**ગુજરાત રાજ્યને વિશ્વની હરોળમાં વધુ તેજ ગતિથી મૂકવા માટે રાજ્ય સરકાર અને ભારતીય જનતા પાર્ટીનું સંગઠન સતત પ્રયત્નશીલ રહેશે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**ગુજરાતની જનતાએ છેલ્લા ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટી ઉપર ભરોસો મૂક્યો છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારે પણ જનતા જનાર્દનનો ભરોસો તૂટે નહીં તેની કાળજી રાખી છે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**ભારતીય જનતા પાર્ટીએ જનતા સમક્ષ રાખેલ સંકલ્પ પત્ર રૂપી દસ્તાવેજમાં જણાવેલ તમામ મુદાઓ રાજ્ય સરકાર માટે અગ્રીમ સ્થાને રહેવાના છે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને શ્રી સી. આર. પાટીલ સાહેબ દ્વારા ભારતીય જનતા પાર્ટીના ડેલીગેશન સાથે મહામહીમ રાજ્યપાલ સમક્ષ સરકારની રચના કરવા માટે દરખાસ્ત મૂકવામાં આવી**



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબની ઉપસ્થિતીમાં પત્રકાર પરિષદ સંબોધી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, આજે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ૧૫મી ગુજરાત વિધાનસભામાં ચૂંટાયેલ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રીઓની પક્ષના નેતાની વરણી કરવા માટે એક બેઠક મળી હતી.

દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિકાસની રાજનીતિ અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રવાદની નીતિ ઉપર રાજ્યની જનતા જનાર્દને મંજુરીની મહોર મારી છે. આગામી સમયમાં રાજ્ય સરકારની રચના બાદ ગુજરાત રાજ્યને વિશ્વની હરોળમાં વધુ તેજ ગતિથી મૂકવા માટે રાજ્ય સરકાર અને ભારતીય જનતા પાર્ટીનું સંગઠન સતત પ્રયત્નશીલ રહેશે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે પત્રકારોના પ્રશ્નોના ઉત્તર આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ છેલ્લા ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટી ઉપર ભરોસો મૂક્યો છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર પણ જનતા જનાર્દનનો ભરોસો તૂટે નહીં તેની કાળજી રાખી છે અને સાથોસાથ વિકાસની ગતિ જાળવી રાખવામાં સફળતા મેળવી છે. ભારતીય જનતા પાર્ટીએ જનતા સમક્ષ રાખેલ સંકલ્પ પત્ર રૂપી દસ્તાવેજમાં જણાવેલ તમામ મુદાઓ રાજ્ય સરકાર માટે અગ્રીમ સ્થાને રહેવાના છે.

આજે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને શ્રી સી. આર. પાટીલ સાહેબ દ્વારા ભારતીય જનતા પાર્ટીના ડેલીગેશન સાથે મહામહીમ રાજ્યપાલ સમક્ષ સરકારની રચના કરવા માટે દરખાસ્ત મૂકવામાં આવી.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની આ પત્રકાર પરિષદ દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ, ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા શ્રી યમલભાઈ વ્યાસ, સહ પ્રવક્તા શ્રી ભરતભાઈ ડાંગર , શ્રી ઋત્વિજભાઈ પટેલ અને સહ કન્વિનર શ્રી ઝુબીનભાઈ આશરા ઉપસ્થિત રહ્યાં હતાં.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)

## ૨૦૧૭ની સરખામણીએ ભાજપને ૩૭ બેઠકમાં ઓછા મત મળ્યા, ૧૧ બેઠકોમાં ૧૦ હજાર કરતાં વધુ મતથી પરાજય

અમદાવાદ,તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૫૬ બેઠક જીતીને ઈતિહાસ સર્જી દીધો છે. આ ઉપરાંત ભાજપે ૫૦ ટકાથી વધુ વોટ શેર મેળવ્યો હોય તેવું પણ પ્રથમવાર બન્યું છે. અલબત્ત, આ વખતે ૩૭ બેઠક એવી છે જ્યાં ભાજપે ૨૦૧૭ની સરખામણીએ ઓછા મત મેળવ્યા છે. આ ૩૭ બેઠકોમાંથી ૨૩માં ભાજપનો, ૯માં કોગ્રેસનો, બેમાં આપનો જ્યારે એનસીપી-અપક્ષનો વિજય થયો છે.

ભાજપને આ ૩૭માંથી જે ૧૪ બેઠકમાં પરાજય થયો છે તેમાં ધાનેરા, બાયડ, ખેડબ્રહ્મા, વાવ, લુણાવાડા, ખંભાત, કાંકરેજ, દાણીલીમડા, બોટાદ, કુતિયાણા, સોમનાથ, જમાલપુર-ખાડિયા, જામજોધપુર, વિજાપુરનો સમાવેશ થાય છે. અલબત્ત, ૨૦૧૭ની સરખામણીએ ભાજપે આ ૩૭ બેઠકોમાં કુલ માત્ર ૨૫૨૧ મત ગુમાવ્યા છે. આ ૩૭ બેઠકોમાંથી ૧૯ બેઠક એવી છે જ્યાં આમ આદમી પાર્ટીએ ડિપોઝીટ ગુમાવી છે. બીજી તરફ ૧૧ બેઠકોમાં ભાજપનો ૧૦ હજાર કરતાં વધુ મતથી પરાજય થયો છે. ધારી બેઠકની જ વાત કરવામાં આવે તો ભાજપનો ૨૫૦૬૪ મતથી પરાજય થયો હતો અને જ્યારે આપના ઉમેદવારે ૩૭૭૪૯ મત સાથે જીત મેળવી હતી. કોંગ્રેસના ઉમેદવારને કુલ ૪૮૬૬૬ મતથી પરાજયનો સામનો કરવો પડયો હતો.

ધાનેરા બેઠકની વાત કરવામાં આવે તેમાં ભાજપને ૬૦૩૫૭, કોંગ્રેસને ૩૮૨૬૦ જ્યારે આપને માત્ર ૧૧૩૦ મત મળ્યા હતા. આ બેઠકમાં અપક્ષ ઉમેદવારે કુલ ૯૬૦૫૩ મત મેળવીને જીત હાંસલ કરી હતી. તજજ્ઞોના મતે ૨૦૧૭ કરતાં આ વખતે ઓછું મતદાન થયું હોવાથી પણ પક્ષોને મળેલા મત પર અસર પડી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૩.૧૩ કરોડ મતદારોએ મત આપ્યા હતા. આ પૈકી ૧.૬૭ કરોડ મતદારોએ ભાજપને મત આપ્યો હતો. આમ, ભાજપનો વોટ શેર ૫૨.૫૦ ટકા થયો છે.

### આ ચૂંટણીમાં ૬૧૭ અપક્ષની ડિપોઝિટ ડુલઃ

# ૨૦૧૭ કરતા ૧૬૬ ઓછા, સૌથી ઓછા બાપુનગરમાં માત્ર ૪૭ વોટ અપક્ષને મળ્યા

અમદાવાદ,તા.૧૦

ગુજરાત વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં બંને તબક્કામાં મળીને ૬૨૪ ઉમેદવારો ઉભા રહ્યા હતા અને જેમાંથી ૬૨૩ ઉમેદવારો ચૂંટણી લડયા છે. જેમાંથી ૬૧૭ અપક્ષ ઉમેદવારોની ડિપોઝિટ ડુલ થઈ છે. જો કે ગત ૨૦૧૭ની ચૂંટણી કરતા ૧૬૬ અપક્ષ ઉમેદવારો ડિપોઝિટ ગુમાવવામા ઓછા છે. જ્યારે આ વખતની ચૂંટણીમાં અપક્ષોને ગત ચૂંટણીની સરખામણીએ મળેલા કુલ વોટની સંખ્યા ૯૦ હજાર વધારે છે. ત્રણ અપક્ષ ઉમેદવાર જીત્યા છે જ્યારે ૩ અપક્ષ ઉમેદવારે તો ૪૦-૪૦ હજારથી વધુ વોટ મેળવીને ત્રણ બેઠકમાં બે અપક્ષે કોંગ્રેસના ઉમેદવારને પાછળ રાખ્યા છે અને એકે તો ભાજપના ઉમેદવારને ટક્કર આપી છે ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં કુલ ૭૯૪ અપક્ષ ઉમેદવારો હતા અને જેમાંથી ૭૮૪ ઉમેદવારો પોતાની ડિપોઝિટ ગુમાવી હતી.

ચૂંટણી પંચના નિયમ મુજબ પડેલા કુલ વોટમાંથી ૧૬.૬૭ ટકા વોટ જે ઉમેદવારને ન મળે તેની ડિપોઝિટ જપ્ત થાય છે. આ વખતની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર બંને તબક્કામાં મળીને ૬૨૪ હતા. જેમાં પ્રથમ તબક્કામાં ૩૦૪ પુરુષ અને ૩૫ મહિલા સાથે ૩૩૯ અને બીજા તબક્કામાં ૨૬૨ પુરુષ અને ૨૧ મહિલા સાથે ૨૮૫ ઉમેદવાર અપક્ષ હતા. ચૂંટણી લડેલા કુલ ૬૨૩ ઉમેદવારોમાંથી ત્રણ અપક્ષ ઉમેદવારો જીત્યા છે. જ્યારે ૬૨૦ ઉમેદવારોમાંથી ૬૧૭ ઉમેદવારોની ડિપોઝિટ જતી કરવી પડશે. અન્ય ત્રણ ઉમેદવારો એવા છે કે જેઓના વોટ ૧૬.૬૭ ટકાથી વધુ છે. આ ઉમેદવારોના હાલોલના અપક્ષ ઉમેદવારના વોટ ૫૮૦૪૮ છે અને જેને કુલ ૨૯.૨૧ ટકા વોટ મળ્યા છે. જેની સામે કોંગ્રેસના ઉમેદવારને માત્ર ૩.૫ ટકા મુજબ ૬૯૪૪ જ વોટ મળ્યા છે. આ ઉપરાંત લુણાવાડા બેઠકમાં અપક્ષ ઉમેદવાર જયપ્રકાશ પટેલને ૪૩૭૪૯ વોટ મળ્યા છે અને વોટ શેર ૨૩.૭૮ ટકા છે.

આ અપક્ષ ઉમેદવારે ભાજપના ઉમેદવારને ટક્કર આપી છે. ભાજપના ઉમેદવારને ૪૫૭૦૧ વોટ મળ્યા છે અને વોટ શેર ૨૪.૭૨ ટકા છે. ભાજપને અપક્ષ ઉમેદવારથી ટક્કર મળતા આ બેઠક ભાજપે ગુમાવી પડી છે. આ બેઠક કોંગ્રેસે જીતી છે અને કોંગ્રેસના ઉમેદવાર ભાજપના ઉમેદવાર બીજા નંબરે અને ત્રીજા નંબરે અપક્ષ છે. જ્યારે ઝઘડીયા બેઠક પર અપક્ષ ઉમેદવાર છોટુ વસાવાએ ૬૬૪૩૩ વોટ મેળવ્યા છે અને છતાં હાર મળી છે.

છોટુ વસાવાને ૩૩.૬૧ ટકા વોટ મળ્યા છે. જ્યારે બીજેપીના વીજેતા ઉમેદવારને ૮૯૯૩૩ મતો સાથે કુલ ૪૫.૫૫ ટકા વોટ મળ્યા છે અને કોંગ્રેસના ઉમેદવારને ૧૫૨૧૯ મતો સાથે માત્ર ૭.૭૧ ટકા વોટ મળ્યા છે. અપક્ષ ઉમેદવારોને મળેલા વોટમાં કેટલાકે પાંચ હજારથી લઈને ૨૦ હજાર સુધી પણ વોટ મેળવ્યા છે અને મોટા ભાગના ઉમેદવારને ૩૦૦થી ઓછા અને પાંચસોથી ઓછા વોટ મળ્યા છે. તમામ અપક્ષ ઉમેદવારોમાં સૌથી ઓછા માત્ર ૪૭ વોટ બાપુનગરના અપક્ષ ઉમેદવારને મળ્યા છે. બાપુનગરમાં અમદાવાદના સૌથી વધુ અપક્ષ ઉમેદવારો ઉભા હતા.

# અમેરીકાના સધર્ન કેલિફોર્નિયા ના ,,ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ બીજેપી ,, યૂએસએ. ના કોમ્યુનિટી લીડર્સ એકસાથે ગુજરાત રાજ્ય ના ચુંટણી પરિણામ જોવા સાંભળવા આજે સાતમી ડીસેંબરે સાંજે ગાયત્રિ ચેતના કેન્દ્ર , એનાહેમ પર શ્રી પ્રકાશ નાયક ની હાજરી માં સમુહ માં ભેગા થયા હતા




ગુજરાત રાજ્યમાં પાર્ટીની સૌથી મોટી ગ્રેટ રેકોર્ડ બ્રેકિંગ જીત , ૧૫૬ બેઠક સાથે ગુજરાત ભારતિય જનતા પાર્ટી નો ભવ્ય વિજય, અને માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી માં ફરીથી જે વિશ્વાસ મુક્યો, તેને બીરદાવવા માટે ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ બીજેપી ના સભ્યો અત્રે ના ગાયત્રિ ચેતના કેન્દ્ર માં આજેમત ગણતરી ના સમયે ભેગા મળ્યા હતા અને ગુજરાત ની ચુંટણી ના પરિણામ જેમ જેમ આવતા ગયા તેમ તેમ વિજય રથ ને વધાવતા જતા દરેક સભ્યો ભારતમાતા કી જય ના નારા બુલંદ કરતા કરતા હર્ષ વ્યક્ત કરી એકબીજા ન વધામણાં આપતા હતા તથા ભારત માં રહેતા તેમના મિત્રો ને પણ ફોનકરી ભાજપ ને વિજયી બનાવવા માટે અભિનંદન ની આપ લે કરવા લાગી ઉત્સાહ જતાવતા હતા, ટી વી પર જેમ જેમ વિધાન સભ્યો વિજયી થતા ગયા તેમ તેમ ચાય ની ચુસ્કી ભરતાં ભરતા કોગ્રેશ ને આમ આદમી પાર્ટી ના સુપડા સાફ થવા લાગતાં આનંદ માં આવી ગયા હતા ને અહીં અમેરીકા મા રહી ને ગુજરાત માટે નો પ્રેમ લાગણી વ્યક્ત કરી હર્ષોલ્લાસ મા આવીગયા હતા, ૧૫૬ બેઠકો વિધાનસભા માં જીતી લેતાં જ ખુબ જ ભાવાવેશ માં આવી ને ગુજરાત ના ભાઈ બહેનો ને બીરદાવવા ફોન પર BJP કાર્યકર્તાઓ ખુશખુશાલ બની આનંદ ની લાગણી વ્યક્ત કરતા જણાયા હતા, આ રેકોર્ડ બ્રેક ને ઉજવવા તેમણે ખાસ વિજય માટે ની કેક અત્રે ના જાણીતા કેક કોર્નર રેસ્ટોરન્ટ દ્વારા પ્રસંગ ને અનુરુપ સંદેશ વાળી કેક કાપી ન ઉજવણી કરી હતી,આ પ્રસંગે શ્રી પી કે નાયક ,ડો ગડસાલીસ રંગા , રાજુભાઈ પટેલ, જીતુભાઇ પટેલ, હરીશભાઈ ધ્રુવ,,ભાનુભાઇ પંડયા, શ્રી પારઘી , અશ્વિન પટેલ, દેવદત્ત મહેશ્વરી , વગેરે અગ્રગણ્ય સભ્યો સાથે મહાન વિજયની ઉજવણી કરવામાં આવી હતી,

( માહિતી અને તસ્વિર સૌજન્ય :- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# વૃદ્ધ માવતરોને ધાબળા, સાડી, રાશનકીટ વિતરણ કરવામાં આવી



વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા સમાજના છેવાડાના લોકો સુધી વિવિધ પ્રકારની સહાય આપવાની સેવાનું કાર્ય તેમજ સરકારની વિવિધ યોજનાઓનો લાભ અપાવવાનું કાર્ય ઘણા વર્ષોથી કરવામાં આવી રહ્યુ છે.

હાલ શિયાળાની ઠંડી ખૂબ જ હોવાથી બગસરા, સાપર, પીઠડીયા, કોલડા ગામમાં રહેતા વૃદ્ધ, અશક્ત, નિરાધાર વૃદ્ધ માવતરો કે જેઓ વૃદ્ધાવસ્થાના કારણે કામ નથી કરી શકતા અને તેમની આગળ પાછળ કોઈ નથી તેવા એકલવાયું જીવન જીવતા તેમજ ગંભીર રીતે બીમાર લોકોને દર માસની જેમ ડિસેમ્બર-૨૦૨૨ માસની રાશનકીટ સાથે ગરમ ધાબળા તેમજ વૃદ્ધ અને વિધવા બહેનોને સાડીનું વિતરણ કરવામાં આવ્યું.

શિયાળામાં ગરમ ધાબળા અને વિધવા બહેનોને સાડી મળતા લોકોએ ખૂબ આશીર્વાદ આપી ખુશીને લાગણી વ્યક્ત કરી હતી.

# ગઢ ગુમાવ્યા બાદ આદિવાસી નેતા છોટુભાઈ વસાવાએ ઈવીએમ મશીન પર હારનું ઠીકરૂં ફોડ્યું

### ૭ ટર્મના ધારાસભ્ય છોટુ વસાવાની પુત્રએ ટિકિટ કાપી હતી





ભરૂચ,તા.૧૦

ભરૂચ જિલ્લાની આદિવાસી ઝઘડિયા બેઠક ઉપર પહેલીવાર ભગવો લહેરાયો છે. ત્રણ દશક ઉપરાંતથી વિજય મેળવનાર પૂર્વ ધારાસભ્ય છોટુભાઈ વસાવાએ પહેલીવાર પરાજય બાદ પ્રતિક્રિયા આપી છે. મજબૂત ગઢ ગુમાવ્યા બાદ આદિવાસી નેતા છોટુભાઈ વસાવાએ ઈફસ મશીન પર હારનું ઠીકરું ફોડયું છે. ગુજરાતમાં આવેલા ચૂંટણીના પરિણામ પહેલેથી જ નક્કી હોવાના તેમણે આક્ષેપ કર્યા છે. વસાવા એ ઉમેર્યું છે કે, હું તો અગાઉથીજ કહ્યા જ કરતો આવ્યો છું કે ઈફસ માં સેટિંગ કરીને હરાવશે. લોકોએ હવે સમજી લેવા જેવું ઇવીએમનો વિરોધ કરવો જોઈએ. તો જ આ દેશ બચવાનો છે.

એક નિવેદનમાં છોટુ વસાવાએ કહ્યું હતું કે એસસી,એસટી ઓબીસી માઈનોરિટી આ દેશના ૮૫ ટકા લોકો છે. જેઓ આ ઇવીએમ નો વિરોધ કરી બેલેટ પેપરથી ચૂંટણી થાય તો જ કંઈક આ દેશના લોકોની પ્રગતિ થશે. ફરીએકવાર જાતિવાદનું રાજકારણ ખેલતા વસાવાએ ઉમેર્યું કે આજે ૧૫ ટકા લોકો શેઠજી ભટ્ટજી છે. રાજ કરવા માટે જ ઈવીએમનો પ્રયોગ થતો હોવાની વાત કરી હતી.લોકશાહી જેવો દેશ હોય તો ડરી શાનાથી રહ્યા છે. બેલેટ પેપરથી ચૂંટણી કેમ નથી કરાવતા તેઓ પણ સવાલ કર્યો છે.

ઝઘડિયા બેઠક અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે આરક્ષિત છે. આ વિધાનસભા બેઠક પર ભાજપ હજુ સુધી ખાતુ ખોલાવી શકી ન હતી. આ બેઠક પર સતત ૭ ટર્મથીછોટુ વસાવા જીતતા આવ્યા હતા. છોટુ વસાવા વ્યક્તિગત પસંગીના આધારે ચૂંટણી જીતતા આવ્યા હતા. વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય ટ્રાઈબલ પાર્ટીના ઉમેદવાર તરીકે તેમણે ભાજપ ઉમેદવાર રવજીભાઈ વસાવાને હરાવીને જીત મેળવી હતી.

વર્ષ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં છોટુભાઈ વસાવા જનતા દળ પાર્ટીમાંથી ચૂંટણી લડયા હતા જેમણે કોંગ્રેસ ઉમેદવાર બાલુભાઈ વસાવાને પરાજય આપ્યો હતો. વર્ષ ૨૦૨૨માં તેઓ અપક્ષ ચૂંટણી લડ્યા પણ ભાજપના રિતેશ વસાવાની જીત થઈ હતી.

સતત ૭ ટર્મના ધારાસભ્ય છોટુ વસાવા ગત ટર્મમાં તેમના પરિવારે ઉભી કરેલી પાર્ટી બીટીપી ટિકિટ ન આપતા અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી . છોટુભાઈની તેમના મોટા પુત્ર મહેશ વસાવાએ ટિકિટ કાપી જાતે બીટીપી ના બેનર હેઠળ ઝઘડિયા બેઠક માટે ઉમેદવારી નોંધાવી હતી .બીટીપીના અધ્યક્ષ મહેશ વસાવાના આ નિર્ણય બાદ પારિવારિક તકરાર સપાટી ઉપર આવી હતી. મહેશ વસાવા સામે તેમના પિતા અને માજી ધારાસભ્ય છોટુ વસાવાએ અપક્ષ ઉમેદવારી નોંધાવી તો પાછળ છોટુભાઈના નાના પુત્ર દિલીપ વસાવાએ પણ ટેકેદાર મારફતે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણીમાં જંપલાવી દીધું હતું જોકે ફોર્મ ખેંચવાના એક દિવસ પહેલા દીલીપે ઉમેદવારી પરત ખેંચી પારિવારિક તકરાર સમાધાન તરફ આગળ વધી રહી હોવાના સંકેત આપ્યા હતા બાદમાં મહેશ વસાવાએ પણ ફોર્મ ખેંચી પિતાને ટેકો આપી દીધો હતો.

# મહારાષ્ટ્ર, હિમાચલ અને મણિપુરમાં ભૂકંપના ઝટકા, 33 મિનિટમાં 3 રાજ્યોમાં ધરતી કાંપી



નવીદિલ્હી,તા.૧૦

મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ અને મણિપુરમાં મોડી રાતે ભૂકંપના ઝટકા અનુભવાયા છે. ૩૩ મિનિટમાં ત્રણ રાજ્યોની ધરતીમાં કંપન થયુ છે. રાતે ૧૧ વાગીને ૨૮ મિનિટે મણિપુરના ચંદેલમાં ભૂકંપના ઝટકા અનુભવાયા. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૧. આંકવામાં આવી. તેનુ કેન્દ્ર ૯૩ કિલોમીટર ઉંડાણમાં હતુ. ત્યારબાદ ૧૧.૩૦ વાગે હિમાલચલ પ્રદેશના ચંબામાં ભૂકંપ આવ્યો. જેની તીવ્રતા ૨.૮ માપવામાં આવી હતી. અહીં ભૂકંપનુ કેન્દ્ર પાંચ કિલોમીટર ઉંડાણમાં હતુ. ત્યારબાદ રાતે ૧૨ વાગીને ૧ મિનિટે મહારાષ્ટ્રના નાંદેડમાં ભૂકંપના ઝટકા અનુભવાયા. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૦ માપવામાં આવી હતી. તેનુ કેન્દ્ર ૫ કિલોમીટર ઉંડાણમાં હતુ. ત્રણ રાજ્યોમાં આવેલા આ ભૂકંપથી કોઈને જાનહાનિના સમાચાર નથી. આ ઉપરાંત પહેલા મ્યાનમારમાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૭ હતી. આનુ કેન્દ્ર ૯૫ કિલોમીટર ઉંડાણમાં હતુ.

ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા ઈંડોનેશિયામાં ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જો કે કોઈ જાનહાનિના સમાચાર નહોતા. ઈંડોનિશિયાની રાજધાની જાકાર્તા અને જાવાના વિવિધિ ભાગોમાં સવારે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. જાકાર્તામાં બહુમાળી ઈમારતો ઘણી સેકન્ડ સુધી હલતી રહી. રિક્ટર સ્કેલ પર આની તીવ્રતા ૫.૮ માપવામાં આવી હતી.

તેનુ કેન્દ્ર જાવા પ્રાંતના સિરંજંગ-હિલિરથી ૧૪ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં ૧૨૩.૭ કિલોમીટરના ઉંડાણમાં હતુ. પશ્ચિમ જાવા એ જ પ્રાંત છે જ્યાં ૨૧ નવેમ્બરે સિઆનજુર શહેરમાં ૫.૬-ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેમાં ઓછામાં ઓછા ૩૩૪ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૬૦૦ અન્ય ઘાયલ થયા હતા. ૨૦૧૮ના ભૂકંપ અને સુનામી પછી તે ઈન્ડોનેશિયામાં સૌથી ભયંકર ભૂકંપ હતો જેમાં લગભગ ૪,૩૪૦ લોકો માર્યા ગયા હતા. તેની ઊંડાઈ પણ વધારે ન હતી. ઈન્ડોનેશિયા ભૂકંપ માટે ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે. જો કે, તેના આંચકા જકાર્તામાં ભાગ્યે જ અનુભવાય છે.

# અમદાવાદમાં એનઆઈડીના પૂર્વ સેક્રેટરીનો આપઘાત

અમદાવાદ,તા.૧૦

શહેરમાં રહેતા એનઆઈડીના પૂર્વ સેક્રેટરીએ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. પ્રેમ પ્રકાશ ભલ્લાએ સાબરમતી નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું છે. સાબરમતી નદીમાં વૃદ્ધની લાશ તરતી મળી આવી હતી. જ્યારે લાશ પાસેથી વિઝીટીંગ કાર્ડ અને સ્યુસાઈટ નોટ પણ મળી આવી હતી. સ્યુસાઈટ નોટમાં તેમણે પોતાના અંગ દાનનો ઉલ્લેખ કર્યો છે. પોલીસે સ્યુસાઈટ નોટના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં રહેતા એનઆઈડીના નિવૃત સેક્રેટરીએ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવતાં ચકચાર મચી છે. તેમણે સાબરમતી નદીમાં ઝંપલાવી આપધાત કરી લીધો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.